|| શ્રી સંભવનાથ સ્વામીને નમઃ || | || નમો તિત્થસ્સ || | || શ્રી શાંતિનાથ સ્વામીને નમઃ ||

**દિવ્ય કૃપા**
પ.પૂ. તપાગચ્છ ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી જયઘોષસૂરિશ્વરજી મ.સા.

**દિવ્ય આશિષ**
પ.પૂ. પંન્યાસ પ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.

**દિવ્ય દૃષ્ટિ**
પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી મુક્તિદર્શન સૂરિશ્વરજી મ.સા.

# શ્રી જૈન સંઘ અંતર્ગત
આર્ય-સંસ્કૃતિના પવિત્ર મૂલ્યોની રક્ષા કાજે

# શ્રી વર્ધમાન પરિવાર

જય પામો જય પામો મારા પ્રભુનું શાસન જય પામો

|| નમો નમઃ શ્રી જિન શાસનાય ||

પ્રભાવતીબેન છગનલાલ સરકાર સંસ્કૃતિ ભવન

**શાસન સેવા કાજે થનગનતા યુવાન પાસે ત્રણ યાચના**
- શ્રધ્ધા
- સમર્પણ
- સંગઠન

**શાસન સેવા કાજે થનગનતા યુવાન પાસે ત્રણ અપેક્ષા**
- શ્રુત સંપન્નતા
- ચારિત્ર સંપન્નતા
- આચાર સંપન્નતા

## જીવદયા-પશુરક્ષા-સંસ્કૃતિરક્ષા ક્ષેત્રે મેળવેલી સિદ્ધિઓ અને કરેલાં કાર્યોનો સંક્ષિપ્ત અહેવાલ




આર્યાવર્તની મહાપ્રજાના ચાર પુરુષાર્થની સંસ્કૃતિની પુનઃસ્થાપના કરીને મહાપ્રજાના આધ્યાત્મિક સ્તરોને મજબૂત કરવા આ ચક્ર ગતિમાન રહે. – શ્રી વેણીશંકર મુરારજી વાસુ

શ્રી જૈન સંઘ અંતર્ગત

# શ્રી વર્ધમાન પરિવાર

જય પામો જય પામો મારા પ્રભુનું શાસન જય પામો

।। નમો નમઃ શ્રી જિન શાસનાય ।।

**માલેગાંવ :** વર્ધમાન નગર, શ્રી સ્વામિ સમર્થ કેન્દ્રની બાજુમાં, માલેગાંવ, જિલ્લો : નાશિક, મહારાષ્ટ્ર. પીનકોડઃ ૪૨૩૨૦૩.
ફોન નં. : ૦૨૫૫૪ - ૨૫૨૧૬૨
**કેશરીચંદજી સંપતરાજજી મહેતા :**
૮૦૦૭૧૬૨૧૬૨

**મલાડ :** ૧, કૃષ્ણ ભુવન, સાંઈનાથ રોડ, ટેલિફૉન એક્સ્ચેન્જની સામે, મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૪.
ફોન નં. : ૦૨૨ - ૨૮૮૧૧૧૭૩
**ચંદ્રકાંતભાઈ એચ. શાહ :**
મોબાઈલ : ૯૩૨૧૮૭૯૩૪૩
**પ્રકાશભાઈ બી. શાહ :**
૯૮૨૫૧૫૮૧૩૮

**બોરીવલી કેન્દ્ર :** ૧૦૧, સુંદર ધામ કૉ-ઑપ. હાઉસિંગ સોસાયટી, જામલી ગલી, બોરીવલી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૯૨.
ફોન નં. : ૦૨૨ - ૨૮૯૯૬૨૫૪
**જિતુભાઈ દલીચંદ. શાહ :**
મોબાઈલ : ૯૩૨૨૨૩૨૫૬૮

**કાંદિવલી :** બી-૪૦૩, મહાલક્ષ્મી સેન્ટર, બાલભારતી સ્કૂલની સામે, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭.
ફોન નં. : ૦૨૨ - ૨૮૦૮૨૪૧૪
**અતુલકુમાર વ્રજલાલ શાહઃ**
૯૩૨૪૪૭૦૦૫૪

**ઘાટકોપર :** ૧૯૧/૭, મહાત્મા ગાંધી ચાલ, અંબિકા ભવનની પાછળ, સ્વામિનારાયણ મંદિરની સામે, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૯૯.
ફોન નં. : ૦૨૨ - ૨૧૦૨૪૧૨૬
**હિરેનભાઈ દિનેશભાઈ શાહ :**
૯૩૨૪૦૩૨૫૫૦
**કમલેશ આર. શાહ :**
૯૩૨૩૯૦૮૪૮૦

**કચ્છ - ચિયાસર :** ગામ ચિયાસર, અબડાસા તાલુકો, કચ્છ.
**દેવચંદભાઈ ડી. ગડા**
૯૪૦૮૩૯૭૫૫૩

**કચ્છ - ભુજ :** વિશ્વ મંગલ ગૌ-ગ્રામ પુનરૂત્થાન સંઘ ભુજ, બી-૪૦, શેરી નં. ૧, ભાનુશાલી નગર, ભુજ, કચ્છ.
**મનોજભાઈ સોલંકી**
૯૮૨૫૪૨૮૧૦૦
**અમૃતભાઈ પટેલ**
૯૪૦૮૫૩૬૦૩૫

**શ્રી વર્ધમાન પરિવાર : REG. No. E-21109**
રજીસ્ટર્ડ ઑફિસ : પ્રભાવતીબેન છગનલાલ સરકાર સંસ્કૃતિ ભવન, અવંતિકાબાઈ ગોખલે સ્ટ્રીટ, ૬, ધન મેન્શન, ઑપેરા હાઉસ, મુંબઈ - ૪૦૦૦૦૪.
**ફોન નં. : ૦૨૨ - ૨૩૮૯ ૫૮૫૭ / ૨૩૮૮ ૭૬૩૭**

અનંત ઉપકારી પ.પૂ. શાસન પ્રભાવક શ્રી ગચ્છાધિપતિશ્રી, આરાધના, પ્રભાવના અને રક્ષાધર્મનું ઉત્તમ કાર્ય કરી રહેલા પ.પૂ. આચાર્ય ભગવંતોશ્રી, શ્રી જિનશાસનની ગરીમાને પ્રજવલિત કરી રહેલા પૂજ્યપાદ પદસ્થોશ્રી તેમજ શ્રી જિનશાસનના નભોમંડળમાં ચમત્કૃતી સાથે શોભાયમાન થતા પૂ. સાધ્વીજી ભગવંતો આપના ચરણોમાં ૧૦૦૮ વંદનાવલી અવધારશોજી. આપ સર્વે સુખશાતામાં હશોજી. આપનું સ્વાસ્થ્ય સુચારૂ હશે.

કલ્યાણકારી શ્રી જૈન સંઘના જિનશાસનરાગી આત્મીય મુખ્ય વહીવટદારોશ્રી તેમજ શ્રાવક ભાઈઓ તથા શ્રાવિકા બહેનો, સાદર પ્રણામ સહ.

દેવ, ગુરૂ, ધર્મની કૃપાથી અને આપ સહુના આશીર્વાદ અને મંગલકામનાથી શ્રી વર્ધમાન પરીવાર શાસન અને સંઘના અનેક કાર્યો કરવા દ્વારા આત્મકલ્યાણનું લક્ષ્ય સાધવા પ્રયત્નશીલ છે.

શ્રી જૈન સંઘ અંતર્ગત શ્રી વર્ધમાન પરીવારના શ્રદ્ધા સંપન્ન, આચાર સંપન્ન અને કાર્યકુશળ સંપન્ન યુવાનોનું સંગઠન છે. અને છેલ્લા ૩૬-છત્રીસ વર્ષોથી અનેકવિધ શાસનલક્ષી કાર્યોમાં સહભાગી થવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરેલ છે.

રાજા ઋષભે બતાવેલી **'અસી, મસી, કૃષિ અને ઋષિ સંસ્કૃતિ'**ના વૃષભ સ્કંધો પર નિર્ભર આ ભવ્ય સાંસ્કૃતિક વારસો ધરાવતી આર્યભૂમિના ચાર પુરૂષાર્થના પાયા પર નિર્ભર છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરૂષાર્થ. મુખ્ય આધાર અલ્પહિંસક અને શોષણ રહિત એવા મજબુત અને ટકી શકે એવા શોષણ વિહિણ અને અલ્પહિંસક એવા આર્થિક વિકાસના માળખાના આધાર પર ટકેલો હોય છે.

આ વિચારધારાના આધાર પર શ્રી વર્ધમાન પરીવાર ૩૬-છત્રીસ વર્ષથી શ્રદ્ધા, સમર્પણ અને સંગઠનના ત્રિવેણી સંગમ દ્વારા શ્રુત, આચાર અને ચારિત્ર-સંપન્ન એવા યુવા કાર્યકરો દ્વારા માત્ર શાસન અને સંઘના જ નહીં પરંતુ રાષ્ટ્રરક્ષા અને ધર્મરક્ષાના અનેકવિધ કાર્યો કરે છે.

યુવા જાગરણ, શ્રુત સંરક્ષણ, દેવ-ગુરૂની ભક્તિ, ધર્મ અને સંસ્કૃતિનું જાગરણ, સાધર્મિક ભક્તિ વાત્સલ્ય, બાળ સંસ્કરણ, છ'રી પાલિત સંઘ, જે ગામમાં મહાત્માના સંજોગો ન હોય તેવા ગામમાં પર્વ પર્યુષણની આરાધના કરવા અને કરાવવા, ઉપધાન તપ, શાશ્વતી ઓળી, ૧૮ અભિષેક તથા શક્રસ્તવ અભિષેક અનુષ્ઠાન, પુષ્યનક્ષત્ર પ્રભુ ભક્તિ, તીર્થ શુદ્ધિ, અનુકંપા અને જીવદયા ક્ષેત્રના અનેકવિધ કાર્યો નિષ્ઠાપૂર્વક કરવામાં આવી રહ્યા છે. ટ્રસ્ટ તથા ટ્રસ્ટ-ડીડ બનાવવા માટે શાસ્ત્રો-આધારિત માર્ગદર્શન આપવામાં આવે છે. ઉપરાંત મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ સમાતી બાબતો વિશે પણ વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવે છે. તે સિવાય વિશેષમાં જીવતા પશુઓની નિકાસનો વિરોધ કરવા માટે, બકરી ઈદ વખતે જાહેરમાં કતલ નહીં કરવા માટે, સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં દુષ્કાળને કારણે ઉદ્ભવતી કઠિન પરિસ્થિતિમાં યુદ્ધના ધોરણે કરોડો રૂપિયાનો ઘાસચારો લાવીને પશુઓને બચાવવાના હોય, પાંજરાપોળોને આર્થિક સહાય અને પાલીતાણાને અહિંસા મુક્ત કરવા માટેનું આંદોલન હોય, પર્યુષણમાં કતલખાનાઓ બંધ રાખવા માટે સરકારશ્રી પાસે રજૂઆત કરવાની હોય કે જૈન ધર્મને લગતી જેવી કે ભગવાન મહાવીરની દૂરદર્શન પર પ્રસાર થનારી સિરિયલ બંધ કરાવવાની હોય. આજના આધુનિક યુગમાં પ્રચાર-પ્રસારના માધ્યમ દ્વારા શ્રી સકળ સંઘ તથા બુદ્ધિજીવીઓ, રાજકારણીઓ તથા જીવદયાપ્રેમીઓને અખબારો, ડીજીટલ મીડિયા, મેગેઝિનો, વિવિધ લેખો-પુસ્તકો દ્વારા લોકજાગૃતિ જેવા સર્વે કાર્યોમાં શ્રી વર્ધમાન પરીવાર અગ્રેસર રહીને પોતાની સર્વ શક્તિ કામે લગાડીને અનેકવિધ કાર્યો કરવા હંમેશા તત્પર રહે છે.....

લિ.

શ્રી ચંદ્રકાંતભાઈ હરગોવિંદદાસ શાહના પ્રણામ

# નક્કર લક્ષ્યો

યુગોથી ચકાસણીની એરણ પર ખરા ઊતરેલા આર્યસંસ્કૃતિ આધારિત ભારતીય વિકાસના માળખાનું આર્થિક, સામાજિક, રાજકીય અને ધાર્મિક ક્ષેત્રમાં પુનઃ પ્રસ્થાપન

દેશના અમૂલ્ય પશુધનની રક્ષા અને અર્થતંત્રને કેન્દ્રમાં રાખી પશુ આધારિત આર્ય સંસ્કૃતિની પુનઃસ્થાપના

દેશમાંથી માંસ અને જીવંત પશુઓની નિકાસબંધી અને અત્યંત આધુનિક યાંત્રિક કતલખાનાં બંધ કરાવવા...

હિંસાને પ્રોત્સાહિત કરતા કાયદાઓને કોર્ટમાં પડકાર અને હિંસાને નિયંત્રિત કરતાં કાયદાઓનો અમલ કરાવવાના પ્રયત્નો

ગેરકાયદેસર રીતે કતલખાને જતાં પશુઓને જાનના જોખમે બચાવી તેનો પાંજરાપોળોમાં નિભાવ

પાંજરાપોળોને ખર્ચના ભારણમાંથી બચાવવા માટે સ્વાવલંબી બનાવવાની દિશાનાં આયોજનો

પ્રચાર-પ્રસાર માધ્યમો દ્વારા ભારતીય સંસ્કૃતિ પર થતાં પશ્ચિમના આક્રમણ સામે પ્રતિકાર....

દુષ્કાળ, ભૂકંપ, અન્ય કુદરતી આપતો અને હોનારતો સમયે રાહત કામગીરી

ટૂંકમાં ધર્મ – અર્થ – કામ અને મોક્ષના પાયા પર આધારિત મોક્ષલક્ષી જીવન વ્યવસ્થાઓનો પુનરોદ્ધાર.

શ્રી જૈન સંઘ અંતર્ગત
આર્ય-સંસ્કૃતિના પવિત્ર મૂલ્યોની રક્ષા કાજે
શ્રી વર્ધમાન પરિવાર
જય પામો જય પામો મારા પ્રભુનું શાસન જય પામો
।। નમો નમઃ શ્રી જિન શાસનાય ।।
પ્રભાવતીબેન છગનલાલ સરકાર સંસ્કૃતિ ભવન

**અનંત** ઉપકારી, પરમ શાસન પ્રભાવક પરમ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી તથા પૂજનીય પદસ્થો અને ગુરૂભગવંતો તેમજ પૂજ્ય સાધ્વીજી ભગવંતો. ચરણોમાં **અતુલ શાહની ૧૦૦૮ વંદનાવલી અવધારશોજી.** આપશ્રી સુખશાતામાં હશો. આપનું સ્વાસ્થ્ય સુચારૂ હશે. આપના દ્વારા થયેલી આરાધના, પ્રભાવના અને રક્ષાધર્મની ભાવભરી અનુમોદના કરીએ છીએ. **પરમ પૂજ્ય પન્યાસ પ્રવર ચંદ્રશેખરવિજયજી મહારાજ સાહેબ**ની પ્રેરણા અને આશીર્વાદથી જીવદયાક્ષેત્રે કુદરતી આફતો આવી તેને નિવારવા માટે થયેલા ખર્ચાઓની વિગત નીચે મુજબ છે.

વર્ષ ૨૦૧૮-૧૯માં કચ્છમાં બિલકુલ વરસાદ જ ન વરસ્યો એવા સમયે કાર્યરત સંસ્થા **શ્રી વર્ધમાન પરિવાર**ના **શ્રી દેવચંદબાપા** અને **શ્રી જીતુભાઈ શાહ** દ્વારા કચ્છની ધરતીની નાડ પારખીને આર્થિક ભંડોળ અને અથાગ પરિશ્રમ કરીને ચારેય બાજુએથી ઘાસચારો મંગાવી આવા કારમા દુષ્કાળમાં કચ્છના અબડાસા, નખત્રાણા, લખપત અને માંડવી તાલુકાના ૨૨૪થી વધારે ગામોના ૮૦ હજાર પશુઓને નિત્ય ૬ મહિના સુધી ચારા-પાણીની વ્યવસ્થા તથા માલધારીઓની અનુકંપા કરવામાં આવેલ હતી.

ગુરુ ભગવંતોની પ્રેરણાથી **ગુજરાત સરકાર** અને **જૈન સંઘો** તથા **જીવદયા પ્રેમી સંસ્થાઓ** જેવી કે **શ્રી અમદાવાદ પાંજરાપોળ**ના ટ્રસ્ટી અને **આણંદજી કલ્યાણજી પેઢીના ટ્રસ્ટી શ્રી સંવેગભાઈ લાલભાઈ** તથા **અન્ય ટ્રસ્ટીઓ** દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં સાડા ચાર કરોડ રૂપિયાની માતબર રકમની સહાય. તેમજ **શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશનના શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી (આરતી ગ્રુપ)**, **શ્રી નરેન્દ્રભાઈ નંદુ** અને **શ્રી દિપકભાઈ ભેદા** અને અન્ય ટ્રસ્ટીઓ દ્વારા રૂપિયા સાડા ત્રણ કરોડની માતબર રકમની સહાય તથા ગુજરાત સરકાર દ્વારા રૂપિયા નવ કરોડની સબ્સિડી તથા બીજા અનેક દાતાઓ દ્વારા **કચ્છ પશુ દુષ્કાળ રાહત** અર્થે રૂપિયા ૨૭ કરોડનો ઘાસચારો પહોંચતો કરાવીને પશુઓને જીવતદાન આપવાનો લાભ લીધો છે.

આ પ્રમાણે મહારાષ્ટ્રમાં પણ અમારા ટ્રસ્ટના અધ્યક્ષ **શ્રી કેસરીચંદભાઈ મહેતા**ના માર્ગદર્શન હેઠળ રૂપિયા બે કરોડના ખર્ચે ઘાસચારાનું વિતરણ કેટલ કેમ્પો દ્વારા કરવામાં આવ્યું. જેમાં હજારો પશુઓને જીવતદાન આપવામાં આવ્યું.

**મહારાષ્ટ્રના સાંગલી - કોલ્હાપુરમાં પશુઓને પુર રાહત કાર્ય શ્રી વર્ધમાન પરિવાર** દ્વારા મહારાષ્ટ્રના સાંગલી-કોલ્હાપુરમાં આભ ફાટી પડવાથી વરસાદના પાણીને લીધે ભયંકર પુરગ્રસ્ત વિસ્તારમાં પશુઓને ઘાસચારો પહોંચાડવાનું કાર્ય **શ્રી સાંગલી સંઘ** તથા **શ્રી વર્ધમાન પરિવાર**ની આગેવાની હેઠળ લગભગ ૧૫ ગામના પશુઓને રૂપિયા ૨૬ લાખનો ઘાસચારા પહોંચાડ્યો.

**નોંધઃ છેલ્લા ૮ વર્ષથી ચાલી રહેલું દુષ્કાળ પશુરાહત કાર્યની આર્થિક વિગત**

| | | | |
|---|---|---|---|
| એપ્રિલ ૨૦૧૨ - માર્ચ ૨૦૧૩ | રૂા. ૨૭,૯૬,૪૬૫ | એપ્રિલ ૨૦૧૩ - માર્ચ ૨૦૧૪ | રૂા. ૪૩,૩૮,૨૬૭ |
| એપ્રિલ ૨૦૧૪ - માર્ચ ૨૦૧૫ | રૂા. ૬૮,૫૩,૯૯૮ | એપ્રિલ ૨૦૧૫ - માર્ચ ૨૦૧૬ | રૂા. ૪,૨૨,૮૮,૮૨૧ |
| એપ્રિલ ૨૦૧૬ - માર્ચ ૨૦૧૭ | રૂા. ૪,૨૬,૧૭,૬૬૨ | એપ્રિલ ૨૦૧૭ - માર્ચ ૨૦૧૮ | રૂા. ૩૭,૧૦,૩૨૦ |
| એપ્રિલ ૨૦૧૮ - માર્ચ ૨૦૧૯ | રૂા. ૯,૧૦,૮૨,૬૩૩ | એપ્રિલ ૨૦૧૯ - ઓગસ્ટ ૨૦૧૯ | રૂા. ૧૧,૭૮,૯૪,૬૬૩ |

**ટોટલ દુષ્કાળ રાહતકાર્ય રૂા. ૩૧,૧૫,૮૨,૮૫૯**

**લિ. વર્ધમાન પરિવાર**
**અતુલકુમાર વ્રજલાલ શાહના વંદન...**

# કચ્છમાં કપરો દુષ્કાળ




સમગ્ર કચ્છમાં છેલ્લા ૨૦ વર્ષમાં ન પડ્યો હોય તેવો ભયાનક અને કપરો દુષ્કાળ ૨૦૧૮-૨૦૧૯ની સાલમાં પડ્યો. કચ્છના લગભગ ૨૦ લાખ પશુઓ મુશ્કેલીમાં આવ્યા તેમાં ૬ લાખ ગૌવંશનો સમાવેશ થાય છે જેમાંથી ૧ લાખ ગૌવંશ (પશુ)ઓના ઘાસચારા અને પાણીના અભાવમાં ભૂખ અને તરસથી અકાળે મરણને શરણ થયા છે તેવા સમયે અબડાસા, લખપત, નખત્રાણા અને માંડવી જિલ્લામાં શ્રી વર્ધમાન પરિવાર દ્વારા કરેલા કાર્યોની ટૂંકી વિગત આગળ આપવામાં આવી છે.

**કચ્છના અબડાસા, નખત્રાણા, લખપત અને માંડવી તાલુકાના દુષ્કાળના કપરા સમયમાં છેલ્લા ૬ મહિનામાં નીચે જણાવેલા ૨૨૪ ગામોમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, હરિયાણા, કલીકુંડ (ગુજરાત)થી લગભગ ૬ કરોડ રૂપિયાનો ઘાસચારો, ચણાની ફોતરી, મગની ફોતરી તેમજ ચોખાની પરાળનું વિતરણ ૮૦,૦૦૦ પશુઓને કરવામાં આવેલ છે**

૧. દાદોર, ૨. સામટા, ૩. ધુણીયાસર, ૪. જાલુ, ૫. મોટી-સરાણ, ૬. છછલા વાંઢ ૭. જેશર વાંઢ, ૮. સમડા, ૯. સુખપર, ૧૦. દાદરો, ૧૧. મોરાવાંઢ, ૧૨. આસલડી, ૧૩. ગુંધીયા, ૧૪. ચીયાસર, ૧૫. કાલર વાંઢ, ૧૬. ખારૂઆ, ૧૭. ડાંહ, ૧૮.ભવાનીપર, ૧૯. રાવરેસર, ૨૦. બીટીયારી, ૨૧. મુગડ ઢોઈ, ૨૨. પોલડીયા, ૨૩. પૈયા, ૨૪. મુબાડગ, ૨૫. નાના રતડીયા, ૨૬. ચંદન નગર, ૨૭. દધર, ૨૮. મોટી મંઊ, ૨૯. ભારાપર, ૩૦. હામુજીવાંઢ, ૩૧. આયરવાસ, ૩૨. છકરા, ૩૩. સરગુઆરા, ૩૪. દબાણ, ૩૫. બાલાપર, ૩૬. અકરી, ૩૭. કૈયારી, ૩૮. મોતીચુર, ૩૯. જીરોણા, ૪૦. ઉમરગઢ, ૪૧. અરજોરવાંઢ, ૪૨. અકલી ૪૩. નવાનગર, ૪૪. બોઆ, ૪૫. રોહા-સુમરી, ૪૬. માખણા, ૪૭. બપવા, ૪૮. શામળા, ૪૯. વીરાણી, ૫૦. રેલડીયા મજલ, ૫૧. ઊખેડા, ૫૨. ઓડંગીઆ, ૫૩. જખદેવપુર, ૫૪. હમલા મંજલ, ૫૫. મોસુણાપ, ૫૬. બીરૂ, ૫૭. કકમા, ૫૮. લયારી, ૫૯. બીટા, ૬૦. કંઢાય, ૬૧. કનકાવતી, ૬૨. મોરગર, ૬૩. હીંગરીઆ, ૬૪. જડોધર, ૬૫. બરંડા જેમા, ૬૬. નુંધાતડ, ૬૭. પેથાપર, ૬૮. પેથારા નગર, ૬૯. ભોજરાજવાંઢ, ૭૦. ગોલજીપર, ૭૧. પખો, ૭૨. ખાનાય, ૭૩. ઉમરસર, ૭૪. બીરૂ, ૭૫. વાલકા, ૭૬. ધુફી નાની, ૭૭. મોથારા, ૭૮. મઊં નાની, ૭૯. ગોડાલખ, ૮૦. મસરીઅફા, ૮૧. અમરસર, ૮૨. મોટી વમોટી, ૮૩. નાન્દ્રા, ૮૪. ગોયલા, ૮૫. મિરજાપુર, ૮૬. છપરી , ૮૭. જુંડગીયા, ૮૮. હરીડી, ૮૯. કમરટા, ૯૦. બાલાચોડ, ૯૧. નખત્રાણા નાની, ૯૨. પધમપર, ૯૩. તેરા, ૯૪. રાપર-છપરા, ૯૫. મોટીકાદીયા, ૯૬. સમગીયારો, ૯૭. ઉલટ, ૯૮. વમોટી નાની, ૯૯. હરીપરા, ૧૦૦. જખણીયા, ૧૦૧. ગંગોણ, ૧૦૨. ભીટારા, ૧૦૩. હોથી વાંઢ, ૧૦૪. સાયરા, ૧૦૫. જાડુઆ, ૧૦૬. બકડીયા, ૧૦૭. કુરીઆરી, ૧૦૮. અંગીયા, ૧૦૯. અડલી, ૧૧૦. અરલ નાની, ૧૧૧. અરલ મોટી, ૧૧૨. કુરીઆરી, ૧૧૩. પૈયા, ૧૧૪. વિઝોડા-વાંઢ, ૧૧૫. ચાવડકા, ૧૧૬. વિથોણ, ૧૧૭. દેવપર-ગઢ, ૧૧૮. મુધવઈ, ૧૧૯. કપુરાસી, ૧૨૦. નાની-છેદ, ૧૨૧. મોટી-રોર, ૧૨૨. કોરીયાણી, ૧૨૩. કુવાપધર, ૧૨૪. કોટડા-રોહા, ૧૨૫. માયા નગર, ૧૨૬. ભુલાડી-વાંઢ, ૧૨૭. આનંદ નગર, ૧૨૮. પીયોણા, ૧૨૯. રાયધજણર, ૧૩૦. ઉખેડા, ૧૩૧. બીવર, ૧૩૨. જારાણા, ૧૩૩. બરંડા, ૧૩૪. વમુટી, ૧૩૫. બેરૂ, ૧૩૬. બાલચોડ નાની, ૧૩૭. નરેડી, ૧૩૮. કોટડી, ૧૩૯. કોટડા જડાધર, ૧૪૦. માતા મઢ, ૧૪૧. હરૂડી, ૧૪૨. નાંગીયા, ૧૪૩. હાલાપર, ૧૪૪. ઉન્ડોઠ, ૧૪૫. ખારઈ, ૧૪૬. વિનીઠ, ૧૪૭. નારણપર, ૧૪૮. કરોડીયા, ૧૪૯. બાલચોડ મોટી, ૧૫૦. વાંઢ, ૧૫૧. જતવાંઢ, ૧૫૨. ઓષ્ટીયા, ૧૫૩. વડવા, ૧૫૪. વડવા ભોયા, ૧૫૫. ઓળગીઆ, ૧૫૬. રામપર, ૧૫૭. ધુરી, ૧૫૮. ભીમપર, ૧૫૯. સણાસરા, ૧૬૦. મોટા રતાડીયા, ૧૬૧. મંજલ, ૧૬૨. તણવાણા, ૧૬૩. લાયજા, ૧૬૪. ઉસ્તીયા, ૧૬૫. નવા વાસ, ૧૬૬. રાયણ, ૧૬૭. કોડાય, ૧૬૮. તલવાણા, ૧૬૯. પુનડી, ૧૭૦. જખણીયા, ૧૭૧. પીંપરી, ૧૭૨. બીદડા, ૧૭૩. ભુજ, ૧૭૪. વાડા, ૧૭૫. આસા રાણીયા, ૧૭૬. લૂણી ૧૭૭, રાપર ગઢવાળી, ૧૭૮. તેરા, ૧૭૯. કારાગોગા, ૧૮૦. પ્રતાપર, ૧૮૧. જુરા કેમ્પ, ૧૮૨. હમલા મંજલ, ૧૮૩. કોઠારા, ૧૮૪. વાધુરા, ૧૮૫. ડોણ, ૧૮૬. પરભઉ, ૧૮૭. કોટાયા, ૧૮૮. કોકલીઆ, ૧૮૯. ડુમરા, ૧૯૦. નલીયા, ૧૯૧. લઠેઠી, ૧૯૨. મોટી વરંડી, ૧૯૩. માપર, ૧૯૪. મસ્કા, ૧૯૫. કાંઠરા, ૧૯૬. ભારાપર, ૧૯૭. જેસરવાંઢ, ૧૯૮. મોટા કરોડીઆ, ૧૯૯. મકડા, ૨૦૦. નાની ઉન્ળોઠ, ૨૦૧. વીંઝાણ, ૨૦૨. ભચાઉ, ૨૦૩. બાલાપર, ૨૦૪. મેરાઉ, ૨૦૫. રોહા, ૨૦૬. બાંમડાઈ, ૨૦૭. પ્રાગપર, ૨૦૮. ખુરા, ૨૦૯. મોડકુખા, ૨૧૦. વાંઢ, ૨૧૧. કરોડીઆ મોટા, ૨૧૨. નાની ઉનણોઠ, ૨૧૩. સુભાષપર, ૨૧૪. ખાણોટ, ૨૧૫. વડઝર, ૨૧૬. સાયરા, ૨૧૭. ગોધરા, ૨૧૮. રોહા, ૨૧૯. ચીરઈ, ૨૨૦. સાંભરાઈ, ૨૨૧. મોડકુલા, ૨૨૨. પડાણા, ૨૨૩. સાંધણ, ૨૨૪. ઘડાણી





# ૨૦૧૬-૧૭માં દુષ્કાળગ્રસ્ત કચ્છ માટે જીવદયાના ઉપલક્ષ્યમાં યોજાયેલા સમારંભ



યોગી સભાગૃહમાં શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખશ્રી સંવેગભાઈ લાલભાઈ, મુંબઈના નગરશેઠ શ્રી અનુપભાઈ શાહ અને શ્રી મંગલપ્રભાત લોઢા અને શ્રી વર્ધમાન પરિવારના શ્રેષ્ઠીઓ દીપ પ્રાગટ્ય કરી રહ્યાં છે




યોગી સભાગૃહ (દાદર)માં ડાયરાની રંગત જમાવતા કલાકારો સાથે શ્રી અતુલભાઈ અને શ્રી મહાવીર શાહ





આણંદજી કલ્યાણજી પેઢીના તથા અમદાવાદ પાંજરાપોળ સંસ્થાના પ્રમુખ શ્રી સંવેગભાઈ લાલભાઈનું સન્માન કરતાં મુંબઈના નગરશેઠશ્રી અનુપભાઈ અને શ્રી વર્ધમાન પરિવારના શ્રેષ્ઠીઓ. આ પ્રસંગે શ્રી વર્ધમાન પરિવારને કચ્છના દુષ્કાળમાં પશુ રાહતકાર્ય માટે રૂપિયા બે કરોડ જેવી માતબર રકમ આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

# તા. ૦૨.૧૨.૨૦૧૮ના રાજકોટ મુકામે પૂજ્ય જ્યોતિર્ધર આચાર્ય ભગવંત શ્રી યશોવિજય સૂરિશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં શ્રી વર્ધમાન પરિવારને મળેલું માતબર યોગદાન






રાજકોટના મણિયાર હોલમાં યોજાયો જીવદયા અનુદાન સમારોહ

## કચ્છના દુષ્કાળમાં પશુ-રાહતકાર્ય માટે રૂપિયા બે કરોડનું માતબર અનુદાન

**પૂજ્ય શ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજાના સાનિધ્યમાં દાતા સંવેગભાઈએ મુખ્યમંત્રીને બે કરોડનો ચેક અર્પણ કર્યો: વિજયભાઈ રૂપાણીનું વિવિધ સંસ્થાઓ દ્વારા સન્માન**

**મુખ્યમંત્રી દ્વારા જીવદયાના અનેક કાર્યો થઈ રહ્યા છે**




શ્રી વર્ધમાન પરિવારના અગ્રણી, સખી સંસ્થા શ્રી અખિલ ભારત કૃષિ ગૌ-સેવા સંઘના અધ્યક્ષ શ્રી કેસરીચંદજી મહેતા તથા ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાથે ગૌ-સેવા અંગે ચર્ચા-વિચારણા.

## ચિંતામગ્ન પૂજ્ય ગુરુદેવ શ્રી મુક્તિદર્શન સૂરિશ્વરજી મહારાજા





કચ્છમાં ગ્રામજનો અને માલધારીઓની વ્યથા સાંભળી રહેલા પૂજ્ય ગુરુદેવશ્રી

## પરમ પૂજ્ય ગુરુ ભગવંતે દુષ્કાળની પરિસ્થિતિ નિહાળી અને પશુપાલકો અને શ્રી રાજેશભાઈને માર્ગદર્શન આપી માંગલિક ફરમાવ્યું









પરમ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી મહોદયસૂરિ મહારાજ અને પરમ પૂજ્ય સાધ્વીજી ભગવંત મહારાજ સાહેબ પશુઓના વાડામાં ઘાસ અને પશુઓ ઉપર વાસક્ષેપ દ્વારા શુભાશિષ આપી રહ્યાં છે.

## કચ્છના અબડાસા, નખત્રાણા, લખપત અને માંડવી ૪ તાલુકામાં

# શ્રી વર્ધમાન પરિવાર દ્વારા ચાલી રહેલા નિરાણ કેન્દ્રની બોલતી તસ્વીરો





શ્રી દેવચંદ બાપા તથા સ્થાનિક કાર્યકરોની દેખરેખ હેઠળ ચિયાસર ગામમાંથી દરેક ગામોમાં ચણાની ફોતરી મોકલી રહ્યાં છે














ભારત ડાયમંડ બુર્સના અગ્રણી ઝવેરી શ્રી નિતીનભાઈ લહેરચંદ શાહ
અને શ્રી વર્ધમાન પરિવારના મોભી શ્રી જિતુભાઈ ડી. શાહ તથા શ્રી દેવચંદબાપા ઢોરવાડાની મુલાકાતે.
મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને બીજી વિવિધ જગ્યાએથી ઘાસચારો
અને ભૂસુ, ચણાની ફોતરી મંગાવીને પશુઓને નિરણ માટે મોકલતું શ્રી વર્ધમાન પરિવાર.

## કચ્છના અબડાસા, નખત્રાણા, લખપત અને માંડવી ૪ તાલુકામાં

# શ્રી વર્ધમાન પરિવાર દ્વારા ચાલી રહેલા નિરાણ કેન્દ્રની બોલતી તસ્વીરો

## લીલા ઘાંસનું નીરણ કેન્દ્ર







ગામ કાલરવાંઢ, અબડાસા તાલુકાના ૧૦૦૦ પશુઓને નિયમિત ઘાસચારાનું નીરણ થતું હતું.
ઘાસચારો ચરતા પશુઓને જોઈને હાશકારો થાય છે!

## શ્રી વર્ધમાન પરિવાર દ્વારા પશુધન માટે પાણીની તરસ છીપાવવા માટે હવાડાની સુંદર વ્યવસ્થા ઉભી કરવામાં આવી...







# કચ્છ દુષ્કાળમાં પશુ રાહતકાર્ય ૨૦૧૯માં નવા ઢોરવાડાના ઉદ્‌ઘાટન પ્રસંગમાં મહેમાનોનું બહુમાન અને અનુમોદના




અતિથી વિશેષ મહેમાનોમાં ખારૂઆના શ્રી મહેન્દ્રભાઈ, શ્રી તારાચંદભાઈ, શ્રી પ્રદ્યુમનસિંહ, ચીયાસરના બાપુ તેમજ વીંજાણના મોહનભાઈ પશુઓની વેદના વિશે ચર્ચા કર્તા દષ્ટિગોચર થઈ રહ્યા છે



ખારૂઆના શ્રીયુત્ મહેન્દ્રભાઈનું શ્રી દેવચંદબાપાના હસ્તે તિલકથી સન્માન થઈ રહ્યું છે



શ્રીયુત્ તારાચંદભાઈ તેમજ શ્રીયુત્ પ્રદ્યુમનસિંહ જાડેજાના હસ્તે નવા ઢોરવાડાના ઉદ્‌ઘાટન થઈ રહ્યું છે



અબડાસાના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાનું સન્માન શ્રી પ્રકાશભાઈ તેમજ શ્રી વલ્લભજીભાઈ દ્વારા થઈ રહ્યું છે



શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટના શ્રી મનોજભાઈ સોલંકીને અમારા શ્રી મંગળભાઈ સન્માનિત કરી રહ્યા છે



શ્રી તારાચંદ છેડાને ગોબરમાંથી બનાવેલી ઘડિયાળ શ્રી દેવચંદબાપા અને શ્રી રાજેશભાઈ હસ્તે સન્માન..

શ્રી વર્ધમાન પરિવાર દ્વારા 'જગતના તાત'ને આર્થિક સ્વાવલંબી વ્યવસ્થાનું આયોજન

# ।। योजकस्तत्र दुर्लभ : ।।







કચ્છ અબડાસા તાલુકામાં ૨૭,૧૦૦ કિલો રૂા. ૧૬,૭૫,૦૦૦/-નું જુવાર, બાજરો,
મગ, તલ અને ગુવારનું બીયારણ અડધી કિંમતમાં ખેડૂતોને આપવામાં આવ્યું.
આ બીયારણ દ્વારા લગભગ ૮૦૦૦ એકર જમીનમાં વાવણી થશે. જેમાંથી ઘાસચારો તૈયાર થશે
જેથી ગામડું અને ગૌવંશ બચશે તેવી આર્થિક વ્યવસ્થાના આગોતરા આયોજનનો પ્રયાસ કરેલ છે.


## સજીવ ખેતી અભિયાન એટલે સુખી, સમૃદ્ધ, ગૌવંશ રક્ષણ, ગૌસંવર્ધન કુદરતી અને ઓછા ખર્ચે યંત્ર વગરની ખેતી





યંત્ર વગર વાવણી પહેલાનું ખેડાણ





દેશી બિયારણની ખેતી



મહાજનોની જમીનમાં પશુ-પક્ષીઓ માટે જુવારનું
બિયારણ આપીને કરાયેલું વાવેતર

# કચ્છી જૈન ફાઉન્ડેશન | શ્રી ક.વિ.ઓ. જૈન મહાજન-મુંબઈ

## શ્રી વર્ધમાન પરિવાર - મુંબઈ આયોજીત

# ગૌવંશ રક્ષા અભિયાન

**કચ્છી જૈન ફાઉન્ડેશન તેમજ શ્રી ક.વિ.ઓ. જૈન મહાજન ૩૬૦° ગતિશીલ 'મહા'જન દ્વારા આયોજીત તા. ૨૪.૦૨.૨૦૧૯ના રોજ માટુંગા ખાતે રામજી અંદરજીની વાડી (રામવાડી)માં 'ગૌવંશ રક્ષા અભિયાન'નો પ્રસંગ જેમના અથાગ્ પ્રયત્નોથી અવિસ્મરણીય બની ગયો છે**

દાનેશ્વરીનાં દાનની ગંગા વહેતા તેમજ **ગુજરાત સરકારની સબ્સિડી** જાહેર થતા ઓક્ટોબર-નવેમ્બર-ડિસેમ્બર ની જે પરિસ્થિતિ હતી તેનાથી સુધારો થતા હવે ભૂખમરાથી એક પણ પશુનું મરણ નથી અને પશુઓની સ્થિતિ દુષ્કાળ પહેલા જેવી પૂર્વવત્ થઈ ગઈ છે.

આજે પશુ ખૂબજ આનંદથી રહે છે. દેવગુરુ કૃપાથી ખરે વખતે **આરતી ગ્રુપનાં શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી**નું આગમન થતાં એમના **શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન** તેમજ **ક.વિ.ઓ. જૈન મહાજન**નો અમને સાથ મળતાં લખપત, અબડાસા, નખત્રાણા, માંડવી તાલુકામાં ટોટલ ૩૨ ઢોરવાડા ૨૦ હજાર પશુઓની માવજત થઈ રહી છે. તથા નિરણ કેન્દ્રો દ્વારા પશુઓને નિયમિતપણે ઘાસચારો અપાયો. જીવરક્ષાના આ ઉત્તમ કાર્ય માટે **શ્રી વર્ધમાન પરિવાર**ને રૂપિયા ૩.૫૦ કરોડ ફાળવવામાં આવ્યા હતા.

જેમના ચિત્તમાં અબોલ પશુઓની વેદનાથી પશુઓને અભયદાન આપવાની ભાવના જાગી



**શ્રી નરેન્દ્રભાઈ નંદુ**
(વાંઢ)

જેમણે અબોલ પશુઓની વેદનાને હૃદયસ્થ કરી વધુમાં વધુ જીવોને અભયદાન આપવા માટે **મહાદાન** અર્પણ કર્યું



**શ્રી ચંદ્રકાંતભાઈ વલ્લભજી ગોગરી**
(નાના ભાડીયા)

અબોલ પશુઓનો પોકાર સાંભળી વ્હારે આવનારા સેવાભાવી



**શ્રી મહેન્દ્રભાઈ વેરશી ગડા**
(ખારૂઆ)



# શ્રી વર્ધમાન પરિવારના ગૌવંશ રક્ષા અભિયાન અંતર્ગત નવા ઢોરવાડાના ઉદ્‌ઘાટન પ્રસંગની રૂપરેખા કચ્છ જિલ્લાના વર્તમાન પત્રો અને ટીવી ચેનલ દ્વારા પ્રસારિત કરવામાં આવી હતી




ચિયાસર ગામે વર્ધમાન પરિવાર-મુંબઈ દ્વારા ૨૯ ઢોરવાડાના વિધિવત પ્રારંભ કરવાના કાર્યક્રમ પ્રસંગે પૂર્વ રાજ્યમંત્રી તારાચંદભાઈ છેડા, ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, ચંદુમા, દાતાઓ. જ્યારે ઈન્સેટમાં સંસ્થાના ટ્રસ્ટી દેવચંદભાઈ ગડા જોવા મળે છે.

## વર્ધમાન પરિવારે ૨૬ કરોડના ઘાસનું કર્યું વિતરણ

**દુષ્કાળના કપરા કાળમાં ૨૯ ઢોરવાડાનો ચિયાસર ગામેથી વિધિવત પ્રારંભ : ૧૮ હજાર ગૌવંશનો નિભાવ : અબડાસા-લખપતને નર્મદાનાં પાણી પહોંચાડવા અનુરોધ**

ભુજ, તા. ૧૬ : અબડાસા-લખપતમાં જીવદયાક્ષેત્રે છેલ્લા ઘણા વર્ષોથી કામ કરતી સંસ્થા વર્ધમાન પરિવાર-મુંબઈ દ્વારા દુષ્કાળના વર્તમાન કપરા કાળમાં પણ ગૌવંશ રક્ષા અભિયાન શરૂ કરાયું છે. અબડાસાના એક અંતરિયાળ ચિયાસર ગામેથી ચાલતા અભિયાન અંતર્ગત ૨૯ ઢોરવાડાનું સંચાલન શરૂ કરી દેવાયું છે. જેમાં અંદાજિત ૧૮ હજાર પશુઓનો નિભાવ થઈ રહ્યો છે, ત્યારે આ તમામ કેટલ કેમ્પનો લોકાર્પણ કાર્યક્રમ ચિયાસર ગામે યોજવામાં આવ્યો હતો.

વર્ધમાન પરિવારના મુંબઈ સ્થિત ટ્રસ્ટીઓ દેવચંદભાઈ ગડા, જીતુભાઈ શાહ, રાજેશભાઈ શાહે ભેખ લઈને ભૂખમરાના કારણે એક પણ ગૌવંશ મરે નહીં તે માટે ખડે પગે રહીને અભિયાન ચલાવી રહ્યા છે. લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત પૂર્વ રાજ્યમંત્રી તારાચંદભાઈ છેડાએ જણાવ્યું કે, કચ્છની તાસીર છે કે આફત સામે લડવા દાતાઓ હંમેશાં આગળ આવે છે.

દુષ્કાળના કાયમી ઉકેલ શોધવાની હાકલ કરી આગામી ચાર મહિના હજુ પણ કપરા છે તે સહિયારા પ્રયાસોથી પાર પાડવા પર ભાર મૂક્યો હતો. સાથે જ્યાં જરૂર હશે ત્યાં કેવીઓ, મહાજન તથા સર્વ સેવા સંઘ મદદ કરવા તૈયાર છે એમ પણ કહ્યું હતું. વિસ્તારના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ જણાવ્યું કે આપણા પર આભ તૂટ્યું હોય તેવો કપરો સમય છે. કચ્છમાં સરકાર કરે તેના કરતાં વિશેષ દાતાઓ હાથ લંબાવી રહ્યા છે, પરંતુ ભવિષ્યમાં જો આપણું પર્યાવરણ નહીં બચે તો વરસાદની શક્યતા ઘટી જશે. તેમણે ઊર્જા માટે પવનચક્કી બિનઉપજાઉ જમીનવાળા વિસ્તારોમાં લગાડવા અને પાણી વગરના અબડાસા-લખપતને તાત્કાલિક નર્મદાનાં પાણી મળશે તો જ પશુધન-ખેતી બચશે તેવો અનુરોધ કર્યો હતો.

પ્રારંભમાં સાધ્વી રત્નશ્રેયાજી સાથેના સાધ્વીવૃંદના માંગલિક બાદ ઉપસ્થિત ગઢશીશાના ચંદુમાએ પોતાના પ્રવચનમાં જીવદયાની સેવા કરવા દાતાઓ અને ખાસ કરીને જૈન સમાજની દાતારીને બિરદાવી હતી. સજીવ ખેતીના નિષ્ણાત મનોજભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, કચ્છમાં પશુધનની સંખ્યા ઘણી જ છે. પશુઓનું પાલન કરતો વર્ગ પશુપાલક અત્યારે ખૂબ જ મુશ્કેલીમાં છે. ત્યારે આપણી ગાય જેને પવિત્ર ગણીએ છીએ તેનું પાલન કરતા માલધારીઓને મદદ કરવાની હાકલ કરી વર્ધમાન પરિવારની સેવાને બિરદાવી હતી.

પોતાના પરિવારને છોડી છેલ્લા વર્ષોથી ચિયાસરમાં ધામા નાખી પશુ બચાવ અભિયાન ચલાવી રહેલા વર્ધમાન પરિવારના ટ્રસ્ટી દેવચંદભાઈ ગડાએ જણાવ્યું કે, અમે છેલ્લા ૭ વર્ષથી કામ કરી રહ્યા છીએ અને છેલ્લા ૭ વર્ષમાં જ્યાં જરૂરત હોય ત્યાં ગાયોને ચારો પણ પહોંચાડીએ છીએ અને રૂા. ૨૬ કરોડનો ઘાસનો જથ્થો મોકલવામાં આવ્યો છે.

અછતની સ્થિતિ ઊભી થતાં ઢોરવાડાની સરકારે જાહેરાત કરીને કચ્છના કલેક્ટર રેમ્યા મોહને સૌથી પહેલાં વર્ધમાન પરિવારના બે ઢોરવાડા સામેથી મંજૂર કર્યાં હતા. અમે ૨૬ ઢોરવાડા શરૂ કર્યા છે. આજથી વધુ ૩ મળીને ૨૯ કેટલ કેમ્પમાં ૧૮ હજાર ગૌવંશનો નિભાવ થઈ રહ્યો છે. દાતાઓએ મુંબઈ બોલાવીને અમને મદદ કરી જેમાં આરતી ગ્રુપના ચંદ્રકાંતભાઈ ગોગરી વગેરેએ સહકાર આપીને કરોડોનું દાન આપ્યું છે. જેમાંથી ગૌવંશનો નિભાવ થાય છે. આ માટે અમને તારાચંદભાઈ તરફથી હંમેશાં સહકાર મળે છે એમ પણ કહ્યું હતું.

સંચાલન કરતાં ભાજપના અગ્રણી અમૂલભાઈ દેઢિયાએ પણ સંસ્થાની કામગીરી પર પ્રકાશ પાડીને વર્ધમાન પરિવારે જે બીડું ઝડપ્યું છે તે અભિનંદનને પાત્ર છે. દુષ્કાળને પહોંચી વળવા કાયમી ધોરણે રસ્તો શોધવા દાતાઓ, આગેવાનો સમક્ષ અપીલ કરી હતી.

સમારોહમાં દાતાઓ, આગેવાનો, બારુઆના પ્રગતિશીલ ખેડૂત મહેન્દ્રભાઈ શાહ, નરેડીના દાતા નાનજીભાઈ શાહ, ભુજ તાલુકામાં પાંજરાપોળ ચલાવતા પરબતભાઈ પટેલ, માંડવીથી જાલુભા જાડેજા, રાતાતળાવના કનુભાઈ ભાવાજી, લાલજીભાઈ ભાનુશાલી, ચિયાસર ઠાકોર, અગ્રણી રામજીભાઈ ધેડા, નિવૃત્ત ડીવાય. એસ.પી. શ્રી ઝાલા, સણોસરાના સરપંચ પ્રેમિલાબેન નાગડા વગેરે હાજર રહ્યા હતા.

સંસ્થાના ટ્રસ્ટી જીતુભાઈ શાહે પૂરક વિગતો આપી હતી. સંસ્થાના કાર્યકરો પલ્લવીબેન વોરા, મંજુલાબેન ગોગરી, રાજેશભાઈ શાહ, દીપ્તિબેન ગોગરી, વલ્લભજી હરિયા, પ્રકાશ શાહ, રમેશ છેડા, મંગલ નાગડા, હિરેન શાહ, રમેશ ગોગરીએ મહેમાનોનું સ્વાગત-સન્માન કર્યું હતું. પ્રારંભમાં દીપ પ્રાગટ્ય સાથે ઢોરવાડા ખુલ્લા મૂકવામાં આવ્યા હતા.


## વર્ધમાન પરિવાર દ્વારા કચ્છમાં ૭ વર્ષમાં ૨૬ કરોડના ઘાસચારાનું મૂંગા પશુઓને નિરણ

**ચાલુ વરસે ૨૯ ઢોરવાડામાં ૧૭૨૪૦ જીવોને આશ્રય આપી દુષ્કાળના કપરા કાળમાં ગૌ વંશ રક્ષા અભિયાનની જૈન સંસ્થાની અનેરી પહેલ**

માજી મંત્રી તારાચંદભાઈ છેડા, ધારાસભ્ય પી.એમ. જાડેજા, મનોજભાઈ ગડા તથા જૈન શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં અબડાસાના ચીયાસર મધ્યે યોજાયેલા કાર્યક્રમમાં નવા ૩ ઢોરવાડાઓનો કરાયો પ્રારંભ




## કચ્છ જિલ્લામાં પશુઓના વ્હારે વર્ધમાન પરિવાર



**ગૌવંશ રક્ષા અભિયાન કાર્યક્રમ યોજાયો વર્ધમાન પરિવારે રૂ.૨૬ કરોડના ઘાસનું વિતરણ કર્યું**

# ગુજરાત સરકાર તરફથી શ્રી વર્ધમાન પરિવારને દુષ્કાળમાં પશુ રાહતના ઉલ્લેખનીય કાર્યો માટે શુભેચ્છા તથા પ્રશસ્તિ પત્રો

તારાચંદ છેડા



રાજ્યકક્ષાના મંત્રી,
ગુજરાત સરકાર
તારીખ : 26 NOV 2015

## પ્રશસ્તિપત્ર

શ્રી વર્ધમાન પરિવાર, મુંબઈ દ્વારા કચ્છ જીલ્લામાં છેવાડાના અબડાસા અને લખપત તાલુકામાં અછતના સમયમાં કેટલ કેમ્પ અને નિરાધાર કેન્દ્રોનું સંચાલન કરી, ૨૦,૦૦૦ થી વધુ પશુઓને બચાવવાનું ભગીરથ કાર્ય કરેલ છે. આ ઉપરાંત, સંસ્થા દ્વારા કોઈ પણ જાતની સબસીડી લીધા સિવાય ૩૦ ગામોમાં ૧૦,૦૦૦ પશુઓને ઘાસ પૂરો પાડી મુંગા-અબોલ પશુઓની સેવા કરેલ છે. શ્રી વર્ધમાન પરિવાર, મુંબઈ સંસ્થા દ્વારા કરવામાં આવતી આ પ્રશંસનીય કામગીરીને બિરદાવું છું અને અભિનંદન સહ સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિ માટે હાર્દિક શુભકામનાઓ પાઠવું છું.

(તારાચંદ છેડા)

---

**વિજય રૂપાણી**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

તા. ૧૦-૧૦-૨૦૧૮

સ્નેહી ભાઈશ્રી અતુલકુમાર,

સપ્રેમ નમસ્કાર.

રાજ્ય સરકાર દ્વારા કચ્છના પશુધન માટે સબસીડીની કરેલી જાહેરાતને બિરદાવતો **શ્રી વર્ધમાન પરિવાર મુંબઈનો** પત્ર પ્રાપ્ત થયો. ધન્યવાદ.

ગુજરાત સરકાર સત્તા નહિ પરંતુ સેવાના ઉદ્દેશ સાથે કામ કરતી સરકાર છે. રાજ્યમાં વસતા પ્રત્યેક જીવ પ્રત્યે સંવેદના ધરાવી પ્રત્યેક જીવોને કોઈ મુશ્કેલી ન પડે, જીવનચક્ર ચાલુ રહે તેવી સુચારૂ વ્યવસ્થા રાજ્ય સરકારે ગોઠવી છે. આફતને અવસરમાં પલટાવી, સર્વને સુખાકારી આપવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

**શ્રી વર્ધમાન પરિવાર-મુંબઈ,** જીવદયા માટે સતત કાર્યશીલ અને પ્રયત્નશીલ છે તે જાણી ખૂબ આનંદની લાગણી અનુભવું છું. શુભેચ્છા પાઠવું છું. આપના આવા કાર્યો અવિરત ચાલુ રહે તેવી શુભકામના.

આપનો

(વિજય રૂપાણી)

To,
**Shree Atulkumar V. Shah,**
Shree Vardhman Parivar,
6, Dhan Mansion Avantikabai Gokhale Street,
Opera House, Mumbai-400004.
Email:atulkumarvshah@gmail.com



---

॥ નમો તિત્થસ્સ ॥



સત્યમેવ જયતે

## બહુમાન પત્ર

સ્નેહી ભાઈશ્રી કેસરીચંદજી મહેતા
પ્રમુખશ્રી,
શ્રી વર્ધમાન પરિવાર,
મુંબઈ.

શ્રી વર્ધમાન પરિવાર - મુંબઈ, જીવદયા માટે સતત કાર્યશીલ અને પ્રયત્નશીલ છે તે જાણી ખૂબ આનંદની લાગણી અનુભવું છું, શુભેચ્છા પાઠવું છું. આપના આવા કાર્યો અવિરત ચાલુ રહે તેવી શુભકામના.

ગુજરાત સરકાર સત્તા નહિ પરંતુ સેવાના ઉદ્દેશ સાથે કામ કરતી સરકાર છે. રાજ્યમાં વસતા પ્રત્યેક જીવ પ્રત્યે સંવેદના ધરાવી પ્રત્યેક જીવોને કોઈ મુશ્કેલી ન પડે, જીવનચક્ર ચાલુ રહે તેવી સુચારૂ વ્યવસ્થા રાજ્ય સરકારે ગોઠવી છે. આફતને અવસરમાં પલટાવી, સર્વેને સુખાકારી આપવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

શ્રી અમદાવાદ પાંજરાપોળ સંસ્થા દ્વારા શ્રી વર્ધમાન પરિવારને કચ્છના પશુધનને બચાવવા આજરોજ રૂા. ૨ કરોડના દાનનો ચેક આપતા હું અત્યંત હર્ષની લાગણી અનુભવું છું. અગાઉ પણ શ્રી વર્ધમાન પરિવારે ગુજરાત સરકારની સબસીડીની સહાયથી હજારો પશુઓને બચાવવાનું જે ભગીરથ કાર્ય કર્યુ છે તેની ગુજરાત સરકાર સરાહના કરે છે. ભવિષ્યમાં પણ તમારી સંસ્થા આવું કાર્ય કરતી રહે એજ અભ્યર્થના - શુભકામના.

આપનો
વિજય રૂપાણી
મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત.

તા. ૦૫-૧૨-૨૦૧૮, રાજકોટ.

---

સત્યમેવ જયતે

રેમ્યા મોહન IAS
કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ

## પ્રશસ્તિ પત્ર

શ્રી ......**પ્રમુખશ્રી, શ્રી વર્ધમાન પરિવાર, મુંબઈ**......એ

વર્ષ ૨૦૧૮-૧૯ની ઐતિહાસિક અછત, એવી અછતની સૌથી વિકટ અને કપરી પરિસ્થિતિમાં જીવદયા ક્ષેત્રે આપની સંસ્થા શ્રી વર્ધમાન પરિવાર, મુંબઈ દ્વારા આવેલા પશુઓની સાર-સંભાળ કામગીરી સંપૂર્ણ વર્ષ દરમ્યાન કરેલ છે. જિલ્લાના દુષ્કાળગ્રસ્ત અબડાસા, નખત્રાણા, માંડવી, લખપત વિસ્તારના પશુધનને, કપરા સમયમાં ૩૧ ઢોરવાડાઓ ખોલી સરકારશ્રીની સહાયથી ૧૮૪૦૦ થી વધારે અબોલ પશુઓની સાર-સંભાળ, તેમજ જિલ્લાના અલગ અલગ ૪૦ થી વધારે ગામોમાં નિરણ કેન્દ્રો મારફતે ઘાસચારો પુરો પાડવાની કામગીરી કરવા બદલ આપની સંસ્થાના સન્માન કરતા જિલ્લા વહીવટીતંત્ર હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે. આપની સંસ્થાની જીવદયા ક્ષેત્રે કામગીરી બિરદાવવા લાયક છે અને પ્રશંસાપાત્ર છે.

આપની સંસ્થાએ અછત સમયમાં પશુનિભાવની કામગીરીની જેમ સમાજના અન્ય સેવાકીય ક્ષેત્રે સારી કામગીરી કરી, રાજ્ય તેમજ રાષ્ટ્રની વિકાસયાત્રામાં સહભાગી બને તેવી શુભકામના સહ અભિનંદન પાઠવવામાં આવે છે.

Collector & District Magistrate, Kutch-Bhuj

સ્થળ :- કલેક્ટર કચેરી, ભુજ
તારીખ : ૩૦/૦૮/૨૦૧૯

રેમ્યા મોહન IAS
કલેક્ટર - કચ્છ

કલેક્ટર કચેરી, કચ્છ-ભુજ, પીન : ૩૭૦ ૦૦૧, ગુજરાત ફોન (૦૨૮૩૨) ૨૫૦૦૨૦ (ઓ.) (૦૨૮૩૨) ૨૫૦૩૫૦ (ઘર) (૦૨૮૩૨) ૨૫૦૪૩૦ (ફેક્સ) ઈમેલ: collector-kut@gujarat.gov.in

# ગુજરાત સરકાર તરફથી શ્રી વર્ધમાન પરિવારને દુષ્કાળમાં પશુ રાહતના ઉલ્લેખનીય કાર્યો માટે શુભેચ્છા તથા પ્રશસ્તિ પત્રો

## ભારતભરમાં સંપૂર્ણ ગૌવંશ હત્યા રોકવા કટિબદ્ધ શ્રી વર્ધમાન પરિવાર



### 'ગૌવંશ હત્યા પ્રતિબંધ નેશનલ ઈમીનેન્સ રિસર્ચ' રિપોર્ટનું વિમોચન દ્વારા વૈચારિક ક્રાંતિની શુભ શરૂઆત



એડવોકેટ, સુપ્રિમ કોર્ટ
ડૉ. મનિષ સિંઘવી



એડવોકેટ, સુપ્રિમ કોર્ટ
શ્રી આદિત્ય શંકર



કેબિનેટ મંત્રી
શ્રીમતી મેનકા ગાંધી



એડવોકેટ, સુપ્રિમ કોર્ટ
શ્રી સુભાષ ઝા

### ભારતભરમાં સંપૂર્ણ ગૌવંશ હત્યા પ્રતિબંધ અંગે શ્રી વર્ધમાન પરિવાર દ્વારા યોજાયેલા વિવિધ સંમેલનોમાં અગ્રણી વક્તાઓ



બીએસએફના રિટાયર્ડ
એડીશનલ ડી.જી.
શ્રી પ્રવશકુમાર મિશ્રા



સશસ્ત્ર સીમાદળના
આસિસ્ટન્ટ ડી.જી.
શ્રી અશોકકુમાર સિંહ



ઈન્ડો-બાંગ્લાદેશ
રિલેશનના ડાયરેક્ટર
શ્રી બીમલ પ્રમાણીકજી



પી.એફ.ના
ગૌરી મોલેખીજી

# 'ગૌવંશ હત્યા પ્રતિબંધ'ના ઉપલક્ષ્યમાં યોજાયેલા કાર્યક્રમમાં આમંત્રિત વકીલો તથા મહેમાનોનું સન્માન





મહારાષ્ટ્રના ગૌવંશ હત્યા પ્રતિબંધ કાયદાને પડકારતા હાઈકોર્ટમાં થયેલ કેસો અંગે લડત આપતા આપણી સાથે જોડાયેલ એડવોકેટ શ્રી હરિ અને મહારાષ્ટ્રના એડવોકેટ જનરલ જાહેર થતાં લોકોમાં ખુશીની લાગણી પ્રસરી હતી.

મીટ એક્સપોર્ટબંધ કરવા અને ગૌમાતાને રાષ્ટ્રપશુ જાહેર કરવા દિલ્હીના રામલીલા મેદાનમાં રાષ્ટ્રવ્યાપી મહા-જન આંદોલનદ્વારા યોજાયેલી સભામાં શ્રી વર્ધમાન પરિવારના શ્રી અતુલકુમાર વ્રજલાલ શાહ



# સુપ્રિમ કોર્ટમાં જીવદયા પ્રેમીઓનો જ્વલંત વિજય

દેવગુરુ ધર્મની પરમકૃપાથી શ્રી વર્ધમાન પરિવારના રિસર્ચ રિપોર્ટ 'પ્લન્ડર ઑફ ઈન્ડિયા'ના આધારે ભારતની બૉર્ડર પરથી બાંગ્લાદેશમાં કતલ માટે દાણચોરી દ્વારા જતા આશરે ૧ કરોડ પશુઓને અટકાવવા સખી સંસ્થા અખિલ ભારત કૃષિ ગૌ-સેવા સંઘ દ્વારા સુપ્રિમ કોર્ટમાં તા. ૨૪.૦૪.૨૦૧૫ના દાખલ કરેલ રીટ-પિટિશન નંબરઃ ૨૧૦/૨૦૧૫નો સ્વીકાર કરી માત્ર ૮૧ દિવસમાં તા. ૧૩.૦૭.૨૦૧૫ના આપેલ સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં જણાવ્યું છે કે...




બૉર્ડર સિક્યોરિટી ફોર્સ દ્વારા આ પશુઓની થતી ગેરકાયદેસર દાણચોરી સંપૂર્ણ બંધ કરવામાં આવે.

બૉર્ડરના પ્રત્યેક રાજ્યોને આ બાબતમાં કડક પગલાં લઈને એક પણ પશુની દાણચોરી (Smuggling) ન થાય.

દેશની પ્રત્યેક બૉર્ડરને બંધ (સીલ) કરવામાં આવે.

PCAAના કાયદાનો કડકરીતે અમલ થવો જોઈએ.

રાજ્યોમાં એનિમલ વેલ્ફેર બૉર્ડને કાર્યરત કરવા કહ્યું હતું.

બૉર્ડર પર પકડાયેલ પશુની હરાજી ન થવી જોઈએ. પરંતુ ગૌશાળા-પાંજરાપોળને આપવા આદેશ કરેલ છે.

એક પણ પશુ બિન-ઉપયોગી નથી. પશુના છાણ-મૂત્રમાંથી દવા-પંચગવ્ય બનાવવા જોઈએ.

## બાંગ્લાદેશમાં લઈ જતા પશુઓ પર થતો અત્યાચાર



પશુઓની આંખમાં લીલું/લાલ મરચું અને તેમનું વજન વધારવા કોપર સલ્ફેટ (મોરથુથુ) પીવડાવવામાં આવે છે.







વાર્ષિક લગભગ ૧ કરોડ પશુઓની ભારતથી બાંગ્લાદેશમાં થતી દાણચોરી રોકવા શ્રી વર્ધમાન પરિવારના રિસર્ચ રિપોર્ટના આધારે ૮૧ દિવસમાં સુપ્રિમ કોર્ટે આપેલ ચુકાદાથી જૈન શાસનમાં અભયદાનનો અવસર પ્રાપ્ત થયો. રોજના ૨૦,૦૦૦ જીવો બચાવવા સરેરાશ એક જીવની અંદાજિત ઓછામાં ઓછી રકમ રૂા. ૧૦,૦૦૦ની પણ કિંમત ગણીએ તો રોજના ૨૦,૦૦,૦૦,૦૦૦ (વીસ કરોડ)નું પશુધન આ એક ચુકાદાથી બચી ગયું છે.

# બાંગ્લાદેશમાં થતી પશુઓની દાણચોરી અટકાવવા રાજનેતાઓ સમક્ષ અપીલ





ભારતના ભૂતપૂર્વ ગૃહપ્રધાન (હાલના રક્ષા મંત્રી) શ્રી રાજનાથ સિંહ અને શ્રી ગોવિંદાચાર્યજીને શ્રી વર્ધમાન પરિવારના રિસર્ચ રિપોર્ટ આપ્યા પછી બાંગ્લાદેશમાં થતી પશુઓની દાણચોરી અટકાવવા બીએસએફને આદેશ આપ્યા હતા.




બીએસએફ અને એસએસબીના મુખ્ય ડિરેક્ટર સાથે બાંગ્લાદેશની બૉર્ડર સીલ કરવા માટે સુપ્રિમ કોર્ટે આપેલા આદેશના અમલીકરણ માટે થયેલી ચર્ચાઓમાં વ્યસ્ત શ્રી વર્ધમાન પરિવારના વહીવટદારો.



તા. ૨૮.૦૯.૨૦૧૪ના રોજ ભારત સરકારના પરિવહન નિગમના મંત્રી શ્રી નિતીન ગડકરીને દિલ્હીમાં મળીને પશુઓના ટ્રાન્સ્પોર્ટેશનના કાયદાઓમાં સુધારા લાવવાનું આવેદનપત્ર આપ્યું જે આગળ ચાલીને નવો કાયદો ૦૧.૦૧.૨૦૧૬થી લાગુ કરવામાં આવ્યો હતો.





THE TIMES OF INDIA, MUMBAI THURSDAY, APRIL 2, 2015 · Politics & Policy · 11 · TIMES NATION

## Stop cattle smuggling, starve B'desh of beef: Rajnath to BSF

**Angrail:** Days after advocating a nationwide ban on cow slaughter, Union home minister Rajnath Singh on Wednesday asked Border Security Force (BSF) jawans, deployed along the Indo-Bangladesh border, to put a complete halt to smuggling of cattle to Bangladesh so that people there give up eating beef.

"I am told beef prices in Bangladesh have gone up by 30% recently due to heightened vigil by BSF against cattle smuggling. You intensify your vigil so that cattle smuggling stops completely and beef prices escalate 70 to 80% more so that Bangladeshis give up eating beef," he said addressing BSF jawans at the border outpost.

According to official statistics, around 17 lakh cattle were smuggled to Bangladesh from India in 2014.

Singh had said on Sunday that the NDA government will try its "level best" to bring in a countrywide ban on slaughter of cows by evolving a consensus.

"Cow slaughter cannot be accepted in this country. We will make an all-out effort to ban cow slaughter and will also try to have a consensus for this purpose," he had said.

However, the home minister also stressed that India would like to further strengthen relations with Bangladesh. "We have very cordial relations with them and we would like to further strengthen our ties with the neighbouring country," Singh said.

Referring to frequent attacks on BSF jawans by Bangladeshi smugglers, Singh asked the troops, deployed in this South Bengal frontier, to strive hard to foil such attacks and promised that he would stand by them in all circumstances.

"As a chief minister, I have taken up many welfare initiatives for the Uttar Pradesh police and I would do the same for you too," he signed off. AGENCIES

**BEEF PLOT:** Singh said if smuggling stops, beef prices will escalate in Bangladesh forcing the country to give up eating beef



ભારતમાંથી બાંગ્લાદેશમાં ગાયોની ગેરકાયદે નિકાસ રોકવા

## સરહદ સીલ કરો : સુપ્રીમ કોર્ટ

## મહારાષ્ટ્ર ગૌવંશ હત્યા પ્રતિબંધ મહારૈલી

**૨૫,૦૦૦ થી પણ વધુ લોકોએ મુંબઈમાં સ્વયંભુ બંધ પાળીને સમગ્ર મુંબઈમાં અદ્‌ભુત રૈલી યોજી હતી. જેના પ્રતાપે મહારાષ્ટ્ર ગૌવંશ હત્યા પ્રતિબંધનો કાયદો ઘડવા માટેની હિલચાલ શરૂ થઈ હતી.**





## મુંબઈ હાઈકોર્ટ દ્વારા વધુ ૧૨,૦૦૦ બળદને કતલ કરવાની છૂટ આપવાનો પરિપત્ર રદ કર્યો

### વધુ ૧૨૦૦૦ બળદ કાપવાનો પરિપત્ર હાઈ કોર્ટે રદ કર્યો

(પ્રતિનિધિદ્વારા) મુંબઈ, તા. ૩૦

રાજ્ય સરકારે બકરી ઈત નિમિત્તે વધુ ૧૨,૦૦૦ બળદોની કતલને છૂટ આપતા પરિપત્રને પડકારતી એક જન યાચિકામાં આજે મુંબઈ વડા અદાલતની ખંડપીઠે ફેસલો જાહેર કરતાં પરિપત્ર રાજ્ય સરકારની સત્તાની બહારનો ગણાવી રદ કરવા આદેસ આપ્યો હતો અને પાલિકાને આ બળદો જ્યાંથી લાવ્યા હોય ત્યાં પરત કરવાનું જણાવ્યું હતું.

### પિટિશનરોએ સુપ્રીમના અગાઉ ચુકાદા ટાંક્યા હતા

રાજ્ય સરકાર દ્વારા આવશ્યક વસ્તુધારા હેઠળ મુંબઈના અતિરિક્ત કમિશનરની વિનંતીથી આદેશ જાહેર કરાયો હતો. બકરી ઈદના તહેવારોને અનુલક્ષીને રાજ્ય સરકારે ચૂંટણી સમયમાં ખાસ સમુદાયને ખુશ કરવા નીતિ નિયમો નેવે મૂકીને પરિપત્ર જાહેર કર્યો હતો. જેની સામે અખિલ ભારતીય ગૌસવર્ધન અને સંરક્ષણ પરિષદ તેમજ અખિલ ભારત કૃષિ ગોસેવા સંઘ દ્વારા જાહેર રિટ પિટિશન મુંબઈની વડી અદાલતમાં દાખલ કરી હતી. સુનાવણી દરમિયાન પાલિકાના વકીલ દ્વારા આ અંગે કોર્ટનું એ વાત પ્રત્યે ધ્યાન દોર્યું હતું કે આવા પરિપત્રો ઘણા વર્ષોથી દર વર્ષે બહાર પડે છે અને કબૂલ કર્યું હતું કે અમારી પાસે જરૂરી પશુ ડોક્ટરો નથી છતાં નિયમને રાખીને પશુઓની દેવનાર કતલખાનામાં કતલ કરવામાં આવે છે.

આ વાતથી ન્યાયમૂર્તિ કોડે અને ન્યાયમૂર્તિ કનાડેએ ગંભીર નોંધ લીધી હતી અને ટકોર કરી હતી કે આ તો માંસાહારી લોકોના સ્વાસ્થ્ય સાથે તમે ચેડા કરી રહ્યા છો.

જ્યારે પિટિશન કર્તાઓના વકીલાએ સુપ્રીમ કોર્ટના જજમેન્ટો તેમજ વર્ધમાન પરિવારે કરેલા આર.ટી.આઈ. સહિતના અનેક દસ્તાવેજો રજૂ કર્યા હતા.

મુંબઈ હાઈકોર્ટની ૫૩ની કોર્ટમાં ચાલેલી ધારદાર દલીલો દરમિયાન મુસ્લિમ જૂથનાં કુરાનનો સાચો અર્થની મોહિમ ચલાવતાં એડવોકેટ કુરેશી એ હાજર રહી સ્પષ્ટતા કરી હતી અને કુરાનનો હિન્દી તરજુમો વાચ્યો હતો. જેમાં બકરી ઈદના સમયે બળતો કાપવાનું અમારે ત્યાં ક્યાંય નથી લખ્યું તે કોર્ટને જણાવ્યું હતું.

આજે જાહેર કરાયેલા ચૂકાદાની કોપી રાજ્ય સરકારને અને મહાનગર પાલિકાને મોકલામાં આવશે અને રાજ્ય સરકાર દ્વારા તા.૩૧-૭-૧૪ના વધારાના ૧૨૦૦૦ બળદ કાપવા વિશેષ પોલીસ પત્રકને રદ કરવામાં આવશે આ સમાચારથી સમગ્ર રાજ્યનાં અહિંસા પ્રેમીઓમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી.





**સંચાલક શ્રી અતુલભાઈ સંસ્થાના મુખ્ય વહીવટદાર શ્રી કેસરીચંદજી મહેતા, હાઈકોર્ટના વકીલ શ્રી સુભાષ ઝા તેમજ ડૉ. વિનોદભાઈ**

# ‘જૈના કન્વેન્શન’માં શ્રી અતુલભાઈ અને શ્રી બકુલભાઈ

જૈના કન્વેન્શન તા. ૪ જુલાઈ ૨૦૧૯ થી ૭ જુલાઈ ૨૦૧૯ સુધી
લોસએન્જલીસ, અમેરિકામાં સહભાગી થવા શ્રી વર્ધમાન પરિવારને
આમંત્રણ અપાયું હતું ઉપરોક્ત કાર્યક્રમમાં શ્રી વર્ધમાન પરિવાર વતી
શ્રી અતુલભાઈ વ્રજલાલ શાહ અને શ્રી બકુલભાઈ ઝવેરીએ હાજરી નોંધાવી હતી.


















લોસએન્જલીસ, અમેરિકાના ડેટ્રાઈટ, જૈન સંઘના અગ્રણી જેમણે મિશીગન સીટીમાં પાર્લામેન્ટમાં
નમસ્કાર મહામંત્ર અને મંગલ શ્લોક દ્વારા શરૂઆત કરેલી તથા શ્રી વર્લ્ડ રિલીજીયસર કોન્ફરન્સના ચેરપર્સન
તથા સ્વામી દયાનંદ આશ્રમના બ્રહ્મચારીણી યોગીની સાથે ચર્ચા-વિચારણાઓ થઈ હતી.

## જયણા અને વિધિ-વિધાન મુજબ ઔષધિ તથા જળનું અધિગ્રહણ તેમજ ગુરુભગવંતોના માર્ગદર્શન હેઠળ શિબિરોનું આયોજન





૧૮ અભિષેક અનુષ્ઠાન માટે પવિત્ર નદીઓના જયણા અને વિધિ વિધિપૂર્વક જળ ગ્રહણ કરતાં યુવાનો





ગિરિવિહાર... પાલીતાણા મુકામે પૂ. ગચ્છાધિપતિ શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં બાળકોની શિબિરનું સફળ સંચાલન...




પ. પૂ. ગચ્છાધિપતિ શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.ન નિશ્રામાં શ્રી શત્રુંજય ગિરિરાજનું પૂજન કરવા પધારેલા ભારતભરતના શ્રી ચતુર્વિધ સંઘને સન્માનપૂર્વક આવકારતા શ્રી વર્ધમાન પરિવારના સંચાલક શ્રી પ્રકાશભાઈ બાવચંદભાઈ શાહની આગેવાની હેઠળ કરવામાં આવ્યું હતું.


## શ્રી વર્ધમાન પરિવાર દ્વારા પુષ્ય નક્ષત્રના પાવન દિવસોમાં શ્રી અવંતિ પાર્શ્વનાથ, શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ અને શ્રી ભોપાવર તીર્થમંડન શ્રી શાંતિનાથ પ્રભુજીની તીર્થસ્પર્શના

શ્રી વર્ધમાન પરિવાર દ્વારા છેલ્લા ઘણા સમયથી પુષ્પ નક્ષત્રને દિવસે ભારતભરના પ્રાચીન તીર્થોના મૂળનાયકને શ્રી મંત્રાભિષેક અનુષ્ઠાન કરવા દ્વારા એક અલગ પ્રકારની આત્માનુભૂતિ, નિજાનંદ અને મંત્રચૈતન્યનો અનુભવ પ્રાપ્ત થઈ રહ્યો છે. આ વખતે મધ્યપ્રદેશના તીર્થો જુહારવાનું પ્રણિધાન થયું અને યોગાનુયોગ શ્રી ભોપાવર તીર્થમાં શ્રી શાંતિનાથ પ્રભુજીને અલગ અલગ સ્તોત્રો દ્વારા અભિષેક નિત્ય કરવામાં આવતા હોય છે તેમાં શિખર પર ધજા ચડે તેમ શ્રી વર્ધમાન શક્રસ્તવ દ્વારા પુષ્ય નક્ષત્રના પવિત્ર શુભદિને માગસર વદ ૩, અંગ્રેજી તા.૧૫-૧૨-૨૦૧૯ રવિવારના રોજ રવિપુષ્યના મંગળમય સમયે શ્રી ગોપાવરજી તીર્થમાં શ્રી શાંતિનાથ પ્રભુજીનું મંત્રાભિષેક અનુષ્ઠાન તશે. તેની અગાઉ માગશર વદ એકમ, બીજ અંગ્રેજી તારીખ ૧૩ અને ૧૪ ડિસેમ્બર ૨૦૧૯ શ્રી અવન્તિ પાર્શ્વનાથ ભગવાન અને શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ ભગવાનને જુહારવાનું આયોજન થયું અને શ્રી વર્ધમાન પરીવારે ૨૨૫ જેટલા આરાધકો સાથે તીર્થ સ્પર્શના કરવાનું નિર્ધાર્યું. શ્રી જીરાવલાજી પાર્શ્વનાથ તીર્થના અને શ્રી ભોપાવર તીર્થના જિર્ણોદ્ધારના કુશળ વહીવટદાર શ્રી રમણભાઈ મોન્ટેક્ષે શ્રી ભોપાવર તીર્થની કાયાપલટ કરીને જિર્ણોદ્ધારનું જે શકવર્તી કાર્ય હાથ ધર્યું છે. તેઓશ્રીએ ઉલ્લાસપૂર્વક મંત્રાભિષેક અનુષ્ઠાન કરવાની અનુકૂળતા કરી આપી અને આ તીર્થ સ્પર્શનાનો સંપૂર્ણ લાભ તેઓશ્રીએ લીધો તેની અમો ભાવભરી અનુમોદના કરીએ છીએ. આશા છે આ તીર્થયાત્રા આપણી ભવયાત્રાને ટૂંકાવનારી બની રહે અને વિભાવ દશામાંથી સ્વભાવ દશામાં લઈ જવાના લક્ષ્યને પામનારી બને.






ત્રિ-દિવસીય તીર્થસ્પર્શનામાં ભક્તિ કરતાં આરાધકો અને તીર્થસ્પર્શનાના લાભાર્થી મોન્ટેક્સ ગ્રુપના સુશ્રાવક શ્રી રમણભાઈ તથા પરિવારની ભુરીભુરી અનુમોદના



















## તાંબાની પરાત દ્વારા ઉકાળેલું પાણી ઠારવાની સુંદર વ્યવસ્થા



શ્રી વર્ધમાન પરિવાર દ્વારા ઉકાળેલા પાણીને
ઠારવા માટે બનાવેલી નવી તાંબાની પરાતો
શ્રી સંઘોના ઉત્સવો-મહોત્સવો માટે મળશે.

# શ્રી ચંદ્રમણિ તીર્થ વાલવોડ તથા તેની આજુબાજુના ગામના દેરાસરોના કર્મચારીઓનું બહુમાન











શ્રી ચંદ્રમણિ તીર્થ વાલવોડ તથા તેની આજુબાજુના ગામના દેરાસરોના કર્મચારોઓનું દર વર્ષની જેમ આ વર્ષે પણ રૂબરૂ મળીને બહુમાનપૂર્વક અનાજની કીટ તથા ગરમ શાલ ઓઢાડીને શ્રી અર્પણ સાંસ્કૃતિક કેન્દ્ર (મુંબઈ)વાળા શ્રી તેજપાલભાઈ માધાણી અને શ્રી જયકુમારભાઈ માધાણી સહિત શ્રી વર્ધમાન પરિવારના અગ્રણી શ્રી પ્રકાશભાઈ શાહ (દાઢી) તથા શ્રી વિનોદભાઈ (વાલાભાઈ)ના નેજા હેઠળ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ ભક્તિ કરવામાં આવી હતી.

# ‘શ્રુત’ થી ‘સંઘ’ અને ‘સંઘ’ થી ‘શ્રુત’


અનંત ઉપકારી પરમ પૂજ્ય ગચ્છાધિપતિશ્રી, પરમ શાસન પ્રભાવક પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી તેમજ શ્રી જિનશાસનની ગરીમાને પ્રજ્વલિત કરનાર પૂજ્યપાદ પદસ્થોશ્રી તેમજ શ્રી જિનશાસનના નભોમંડળમાં ચમત્કૃતિ સાથે શોભાયમાન થતા પૂજ્ય સાધ્વીજી ભગવંતો. આપના ચરણોમાં ૧૦૦૮ વંદનાવલી અવધારશોજી. આપ સર્વે સુખશાતામાં હશોજી. આપનું સ્વાસ્થ્ય સુચારું હશે. આપશ્રી દ્વારા શ્રુતનું જે સંવર્ધન અને સંરક્ષણ થઈ રહ્યું છે તેની અમો ભાવભરી અનુમોદના કરીએ છીએ.

શ્રી જિનશાસનરાગી આત્મીય મુખ્ય વહીવટદારોશ્રી, કમિટી મેમ્બરો તથા સંઘના શ્રાવક અને શ્રાવિકાઓ, આપ સહુને પણ અમારા સાદર પ્રણામ. ખાસ આ પત્ર લખવાનું પ્રયોજન એ છે કે શ્રુતગંગા દ્વારા ઘા વર્ષોથી લગભગ ૮૫૦ વર્ષ સુધી ટકે તેવા સાંગાનેરી કાગળ ઉપર હાથે બનાવેલી સ્યાહીથી લહિયાઓ પાસે આપણા શાસ્ત્રો લખાવવાનું કાર્ય ચાલે છે. કાગળ તો ટકાઉ મળે પણ સ્યાહીને પણ ટકાઉ બનાવવા માટે તાંબાના પાત્ર પર તલના તેલની જ્યોતથી બનતી મેષ દ્વારા ૧૦૦ ગ્રામ મેષ ભેગી થાય તેમાં ૧૫૦ ગ્રામ હિરાબોળ અને ૨૫૦ ગ્રામ લીંબડાનો ગુંદર લગભગ ૬૪ પ્રહર સુધી એટલે કે ૧૯૨ કલાક ઘૂંટીને સ્યાહીને પણ કાગળ ટકે ત્યાં સુધી ટકાવવાની વ્યવસ્થા કરવામાં આવે છે. ભારત સરકાર દ્વારા માન્ય લેબોરેટરીઝમાં આ કાગળનું આયુષ્ય સર્ટીફાઈ કરવામાં આવ્યું છે. જેમાં હવામાં રહેતો ૪૨૫ વર્ષનું આયુષ્ય તેઓએ સર્ટીફાઈ કરીને આપ્યું છે. આ જ કાગળને પ્રતાકારે પોથીમાં બાંધવામાં આવે અને લાકડાના બોક્સમાં રાખવામાં આવે તો તેનુ આયુષ્ય બમણું થઈ જાય છે. ઝેરોક્સવાળા કાગળનું આયુષ્ય વરસ બે વરસનું હોય છે જ્યારે પ્રીન્ટેડ સાહિત્ય ૫૦-૧૦૦ વર્ષ ટકે છે. પરંતુ આ લખાણ ૮૫૦ વર્ષ આસપાસ ટકે છે. તેથી ભવિષ્યમાં કોઈક મહાપુરુષો પાકશે જેઓ આ વારસાને આગળ વધારશે અને ભગવાનના શાસનને બાકીના ૧૮.૫ હજાર વર્ષ સુધી સુરક્ષિત રીતે આગળ લઈ જશે. અલગ અલગ સેન્ટરોમાં લગભગ ૨૦૦ જેટલા લહિયાઓ હાલ આ અંગે કાર્ય કરી રહ્યા છે અને લગભગ ૧૦,૦૦૦ (દસ હજાર) જેટલા ગ્રંથો લખાઈ ચુક્યા છે. અને હજુ કાર્ય ચાલી રહ્યું છે. કાગળમાં હાંસીયા પાડવા માટે લાલ સ્યાહી અને પ્રુફ સુધારણા માટે પીળી સ્યાહી પણ બનાવવામાં આવે છે. જેમાં અનુક્રમે હિંગળોક અને હરતાલ નામના ગંધીયાણાને વાપરવામાં આવે છે. અમારી ભાવના છે કે જૈન સંઘમાં જેટલું પણ પ્રીન્ટેડ અને જર્જરીત હસ્તલિખિત સાહિત્ય હોય તે બધાની ૪-૪ નકલો હસ્તલિખિત કરી દેવી અને પાલીતાણા તેમજ અન્ય ત્રણ મહાનગરોમાં તેને સાચવવાની વ્યવસ્થા કરવી. જેથી કરીને ભવિષ્યમાં કોઈપણ ગ્રંથ જોઈતો હોય તો તે ઉપલબ્ધ થઈ શકે.



## આ રહ્યા અમારા શ્રુતજ્ઞાનના આદર્શ ઉપકરણો




હાલ, જે જ્ઞાનના પેન, પેન્સીલ, ફૂલસ્કેપ આદિ. ઉપકરણોથી પૂજા થાય છે, તે પૂજ્ય મહાત્માઓ સિવાય કોઈ કાર્યમાં વાપરી શકાતા નથી એટલે પ્રત્યેક સંઘોમાં આવી ઘી સામગ્રીઓ વણવપરાયેલી પડેલી રહે છે. એટલે બંને બાજુએથી નુકસાન થાય છે. જ્યારે હસ્તલિખિત ગ્રંથો લખવામાં વપરાતા નીચે જણાવેલ ઉપકરણોથી જ્ઞાન પૂજા કરીએ તો ઉપકરણો ફરીવાર શાસ્ત્રલેખનમાં ઉપયોગમાં આવી શકે છે જેથી ઉત્તમ લાભ મળે છે. **નોંધ : ઉપર મુજબની ઉપકરણ મૂકવાથી જ્ઞાનની ઉત્તમ ભક્તિનો લાભ મળે છે. માટે ઉત્કૃષ્ટ લાભ પામવા માટે આપને ઉપર મુજબ જણાવેલ ઉપકરણો જ્ઞાન સમક્ષ મુકીને શ્રુતપૂજા કરવા વિનંતી. જેનો શ્રુતલેખનમાં તરત જ સદુપયોગ થઈ જાય.**

# મહારાષ્ટ્રમાં પશુઓ માટે દુષ્કાળ તેમજ પુર-રાહત કાર્ય-૨૦૧૯ની બોલતી તસવીર

શ્રી વર્ધમાન પરિવારના અને અમારી સખી સંસ્થા અખિલ ભારત કૃષિ ગૌસેવા સંઘના અધ્યક્ષ શ્રી કેસરીચંદભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ મહારાષ્ટ્રમાં માલેગાંવ જિલ્લામાં પણ ચાર કેટલ કેમ્પ ખોલવામાં આવ્યા હતા. શ્રી વિજયભાઈ મહેતા, શ્રી સંજયભાઈ કલંત્રી અને શ્રી મોહન સોનાવણે દ્વારા કેટલ કેમ્પોનું સંચાલન કરેલ જેમાં ૫,૬૦૦ પશુઓને જીવતદાન મળ્યું છે. જેમાં રૂપિયા બે કરોડનો ઘાસચારાનું વિતરણ કરવામાં આવેલ હતું.











निर्मल ग्राम
महात्मा गांधी तंटामुक्त गांव
ग्रामपंचायत कार्यालय, सूर्यगांव
ता. पलूस, जि. सांगली (महाराष्ट्र)

दिनांक : 1/10/19

आभारपत्र

तुमचा एक हात मदतीचा 'लाख लाख मोलाचा'

मा. श्री वर्धमान परिवार
बोरीवली (पश्चिम) मुंबई

महोदय,

[illegible]

ग्रामपंचायत सूर्यगांव
ता. पलूस, जि. सांगली





**શ્રી વર્ધમાન પરિવાર દ્વારા મહારાષ્ટ્રના સાંગલી-કોલ્હાપુરમાં આભ ફાટી પડવાથી વરસાદના પાણીને લીધે ભયંકર પુરગ્રસ્ત વિસ્તારમાં પશુઓને ઘાસચારો પહોંચાડવાનું કાર્ય સાંગલી સંઘ તથા શ્રી વર્ધમાન પરિવારના શ્રી રાજેશભાઈ (ગામઃ કોડાઈ, કચ્છ)ની આગેવાની હેઠળ લગભગ ૧૫ ગામના પશુઓને રૂપિયા ૨૬ લાખનો ઘાસચારો પહોંચાડ્યો.**

# વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૯ દરમિયાન શ્રી વર્ધમાન પરિવાર દ્વારા પાંજરાપોળોને કરેલી આર્થિક સહાયની વિગત


| તારીખ | સંસ્થાનું નામ | રકમ રૂપિયામાં |
|---|---|---|
| ૦૬-૦૫-૨૦૧૫ | પીપલ ફોર એનીમલ | ૫૪,૦૦૦ |
| ૧૨-૦૮-૨૦૧૫ | કરુના | ૧,૦૦,૦૦૦ |
| ૨૪-૦૯-૨૦૧૫ | પીપલ ફોર કેટલ ઈન ઈન્ડિયા | ૧,૦૦,૦૦૦ |
| ૨૮-૦૯-૨૦૧૫ | શ્રી રામકૃષ્ણા ટ્રસ્ટ | ૧૦,૦૦,૦૦૦ |
| ૦૫-૧૦-૨૦૧૫ | શ્રુત ગંગા | ૨,૫૦,૦૦૦ |
| ૦૬-૧૦-૨૦૧૫ | શ્રી રામ કૃષ્ણ ટ્રસ્ટ | ૧૦,૦૦,૦૦૦ |
| ૧૫-૧૦-૨૦૧૫ | શ્રી રામ કૃષ્ણ ટ્રસ્ટ | ૫,૦૦,૦૦૦ |
| ૧૬-૧૦-૨૦૧૫ | આશા ફાઉન્ડેશન | ૪૦,૦૦૦ |
| ૨૬-૧૧-૨૦૧૫ | આંદ્રવ સીતારામ ખામકર | ૨૫,૦૦૦ |
| ૦૮-૧૨-૨૦૧૫ | શ્રી પારસમણી શ્વેતાંબર જૈન સંઘ | ૬૨,૦૦૦ |
| ૦૮-૧૨-૨૦૧૫ | મધ્ય પ્રદેશ ગાંધી સ્મારક નિધિ | ૫૧,૦૦૦ |
| ૨૪-૧૨-૨૦૧૫ | ધ્યાન ફાઉન્ડેશન | ૧૦,૦૦૦ |
| ૨૨-૦૧-૨૦૧૬ | ધ્યાન ફાઉન્ડેશન | ૫૦,૦૦૦ |
| ૨૫-૦૧-૨૦૧૬ | આશા ફાઉન્ડેશન | ૨૧,૦૦૦ |
| ૨૩-૦૨-૨૦૧૬ | શ્રી ગોપાલ કૃષ્ણા | ૨૫,૦૦૦ |
| ૨૫-૦૨-૨૦૧૬ | કૈલાશ આર. ગાયકવાડ | ૨૫,૦૦૦ |
| ૩૦-૦૫-૨૦૧૬ | શ્રીમતી એમ. એમ. | ૨૧,૦૦૦ |
| ૦૭-૦૬-૨૦૧૬ | વિશ્વ હિન્દુ પરિષદ ગૌશાળા વિભાગ | ૩,૦૦,૦૦૦ |
| ૦૮-૦૬-૨૦૧૬ | રાજપુર દિશા પાંજરાપોળ | ૫,૦૦,૦૦૦ |
| ૧૭-૦૬-૨૦૧૬ | શ્રી દેપ્લા રત્નત્રય પબ્લિકચેરીટિબલ ટ્રસ્ટ | ૧૧,૦૦૦ |
| ૦૧-૦૭-૨૦૧૬ | કરુણા | ૨૫,૦૦૦ |
| ૦૭-૦૭-૨૦૧૬ | વિશ્વ હિન્દુ પરિષદ ગૌશાલા વિભાગ | ૧,૦૦,૦૦૦ |


| તારીખ | સંસ્થાનું નામ | રકમ રૂપિયામાં |
|---|---|---|
| ૦૮-૦૮-૨૦૧૬ | કરુના | ૫,૦૦,૦૦૦ |
| ૦૮-૦૮-૨૦૧૬ | ધ્યાન ફાઉન્ડેશન | ૩,૦૦,૦૦૦ |
| ૩૦-૦૮-૨૦૧૬ | વિશ્વ હિન્દુ પરિષદ ગોશાલા વિભાગ | ૫૦,૦૦૦ |
| ૧૨-૦૯-૨૦૧૬ | શ્રી રામ કૃષ્ણ મિશન ટ્રસ્ટ | ૨૫,૦૦,૦૦૦ |
| ૧૦-૧૦-૨૦૧૬ | શ્રી રામ કૃષ્ણ મિશન ટ્રસ્ટ | ૫૬,૫૦૦ |
| ૨૧-૧૦-૨૦૧૬ | ફેડરેશન ઓફ ઈન્ડિયા | ૫,૦૦૦ |
| ૦૮-૧૧-૨૦૧૬ | આણંદજી કલ્યાણજી | ૫૦,૦૦૦ |
| ૨૪-૧૨-૨૦૧૬ | જીવ મૈત્રી ટ્રસ્ટ | ૩૦,૦૦૦ |
| ૧૦-૦૧-૨૦૧૭ | પીપલ ફોર એનીમલ (સિહોરી રાજસ્થાન) | ૧,૦૦,૦૦૦ |
| ૧૧-૦૧-૨૦૧૭ | શ્રી વીરાલાયમ જૈન અહિંસા તીર્થ | ૫૦,૦૦૦ |
| ૩૧-૦૧-૨૦૧૭ | પીપલ ફોર એનીમલ્સ (સિહોરી રાજસ્થાન) | ૫૦,૦૦૦ |
| ૧૦-૦૨-૨૦૧૭ | રાષ્ટ્રીય સ્વાભીમાન આંદોલન | ૫૦,૦૦૦ |
| ૨૪-૦૩-૨૦૧૭ | શિવ જીવ રક્ષક દળ | ૧૦,૦૦૦ |
| ૦૧-૦૪-૨૦૧૭ | હિમાંશુ શાહ | ૫૦,૦૦૦ |
| ૦૧-૦૪-૨૦૧૭ | શ્રી સાગુરા ગૌસેવા સમિતિ | ૪૫,૫૦૦ |
| ૦૮-૦૬-૨૦૧૭ | શ્રી ચૈતન્ય સેવા ટ્રસ્ટ | ૫૦,૦૦૦ |
| ૧૩-૦૬-૨૦૧૭ | બાપા સીતારામ | ૧૦,૦૦૦ |
| ૦૬-૦૭-૨૦૧૭ | શ્રી ગૌવંશ રક્ષા સમિતિ માલેગાંવ | ૧,૦૦,૦૦૦ |
| ૩૧-૦૭-૨૦૧૭ | કરુણા-ડોનેશન | ૧,૫૦,૦૦૦ |
| ૧૪-૦૮-૨૦૧૭ | કરુણા-ડોનેશન | ૪૧,૮૯૧ |
| ૧૬-૦૮-૨૦૧૭ | કરુણા-ડોનેશન | ૩૧,૧૮૨ |


| તારીખ | સંસ્થાનું નામ | રકમ રૂપિયામાં |
|---|---|---|
| ૧૬-૧૦-૨૦૧૭ | ધ્યાન ફાઉન્ડેશન | ૫,૦૦,૦૦૦ |
| ૧૦-૧૧-૨૦૧૭ | ધ્યાન ફાઉન્ડેશન | ૧૦,૦૦૦ |
| ૨૩-૦૧-૨૦૧૮ | શ્રી ધનવંતરી ગોસેવારામ પથમેડા | ૯,૦૦,૦૦૦ |
| ૨૧-૦૨-૨૦૧૮ | ગૌ જ્ઞાન ફાઉન્ડેશન | ૧૫,૦૦૦ |
| ૨૪-૦૨-૨૦૧૮ | સાહેબ ડિસ્ટ્રીબ્યુટર | ૧,૦૦,૦૦૦ |
| ૦૩-૦૩-૨૦૧૮ | વનરાઈ ગૌરક્ષણ બાહુ સંસ્થા પાથુર | ૧૫,૦૦૦ |
| ૧૯-૦૩-૨૦૧૮ | શ્રી વિનછુયા મહાજન પાંજરાપોળ | ૧,૦૦,૦૦૦ |
| ૩૧-૦૩-૨૦૧૮ | શ્રી પાર્શ્વ મેરુ ફાઉન્ડેશન | ૫૦,૦૦૦ |
| ૦૫-૦૪-૨૦૧૮ | શ્રીરામ કૃષ્ણા ટ્રસ્ટ | ૧,૫૦,૦૦૦ |
| ૦૪-૦૫-૨૦૧૮ | ઓમ નમો સદગુરુ સેવા પ્રતિષ્ઠાન | ૧૧,૦૦૦ |
| ૦૪-૦૫-૨૦૧૮ | શ્રી પદ્મમણી ભક્તિ પૂર્ણિમા ફાઉન્ડેશન | ૧૨,૦૦૦ |
| ૧૫-૦૫-૨૦૧૮ | કરુણા | ૧,૦૦,૦૦૦ |
| ૧૭-૦૫-૨૦૧૮ | કરુણા | ૧,૦૦,૦૦૦ |
| ૧૪-૦૬-૨૦૧૮ | શ્રી અજીત સેવા ટ્રસ્ટ | ૫૦,૦૦૦ |
| ૧૧-૦૭-૨૦૧૮ | કૃષિ ગોસેવા ચેરીટેબલ ટ્રસ્ટ | ૫૦,૦૦૦ |
| ૨૩-૦૮-૨૦૧૮ | શ્રી રામ કૃષ્ણા ગ્રામ ઉદ્યોગ કેન્દ્ર | ૧૦,૦૦૦ |
| ૦૩-૧૦-૨૦૧૮ | ગો જ્ઞાન ફાઉન્ડેશન | ૩૦,૦૦૦ |
| ૨૬-૧૧-૨૦૧૮ | શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન ટ્રસ્ટ | ૨૫,૦૦૦ |
| ૦૭-૧૨-૨૦૧૮ | વિશ્વ પ્રાણ કલ્યાણ મંડળ-ડોનેશન | ૨૦,૦૦૦ |
| ૧૪-૧૨-૨૦૧૮ | જીવદયા ઘર | ૧,૨૦,૦૦૦ |
| ૨૦-૧૨-૨૦૧૮ | લક્ષ પ્રવતી ગૌરક્ષણ અને ગોશાનવર્ધન ગૌશાલા | ૨૦,૦૦૦ |
| ૨૬-૧૨-૨૦૧૮ | વાન રાઈ ગૌરક્ષા બાહુ સંસ્થા | ૨૫,૦૦૦ |
| ૦૬-૦૨-૨૦૧૯ | શ્રી પદ્મમણી ભક્તિ પૂર્ણિમા ફાઉન્ડેશન | ૧૧,૦૦૦ |
| ૦૬-૦૨-૨૦૧૯ | શ્રી પદ્મમણી ભક્તિ પૂર્ણિમા ફાઉન્ડેશન | ૧૧,૦૦૦ |
| ૦૬-૦૩-૨૦૧૯ | કરુણા | ૨,૦૦,૦૦૦ |
| ૦૬-૦૩-૨૦૧૯ | કરુણા | ૫૦,૦૦૦ |
| ૧૩-૦૩-૨૦૧૯ | શ્રી વોવાર ગોસેવા ટ્રસ્ટ | ૩૦,૦૦૦ |
| ૧૪-૦૩-૨૦૧૯ | નાના કરોડિયા ગોસેવા સમિતિ- કચ્છ | ૧૫,૦૦૦ |
| ૦૮-૦૪-૨૦૧૯ | શ્રી વાગડ વી.ચોવીસી જૈન યુવક મંડળ | ૭૦,૦૦૦ |
| ૨૫-૦૪-૨૦૧૯ | શ્રી જીનેન્દ્ર ગૌત્તમનિધિ ટ્રસ્ટ (મુંબઈ) | ૧૦,૦૦૦ |
| ૦૪-૦૫-૨૦૧૯ | ઓમ શ્રી પાર્શ્વ પદ્મમાવતી ચેરીટેબલ ટ્રસ્ટ | ૨૫,૦૦૦ |
| ૧૨-૦૬-૨૦૧૯ | પારસનાથ ગોશાલા | ૧,૫૦,૦૦૦ |
| ૨૬-૦૬-૨૦૧૯ | શ્રી વૃંદાવન ગોશાલા ચેરીટેબલ ટ્રસ્ટ | ૧૧,૦૦૦ |
| ૦૬-૦૭-૨૦૧૯ | પારસનાથ ગોશાલા | ૧,૫૦,૦૦૦ |
| ૦૯-૦૭-૨૦૧૯ | શ્રી પદ્મમણી ભક્તિ પૂર્ણિમા ફાઉન્ડેશન | ૧૫,૦૦૦ |
| ૨૫-૦૭-૨૦૧૯ | જૈન સંસ્થા યુએસએ | ૧૭,૦૦૦ |
| ૦૭-૦૯-૨૦૧૯ | ધ્યાન ફાઉન્ડેશન | ૩,૦૦,૦૦૦ |
| ૧૮-૦૯-૨૦૧૯ | વિશ્વ પ્રાણી કલ્યાણ મંડળ | ૨૧,૦૦૦ |
| ૨૦-૦૯-૨૦૧૯ | વિશ્વ પ્રાણી કલ્યાણ મંડળ | ૫૦,૦૦૦ |
| ૦૫-૧૦-૨૦૧૯ | ધ્યાન ફાઉન્ડેશન | ૩,૦૦,૦૦૦ |
| ૦૯-૧૦-૨૦૧૯ | શ્રી રામ દષ્ટિ ગોશાલા સેવા સંસ્થા | ૨૫,૦૦૦ |
| ૩૦-૧૦-૨૦૧૯ | ધ્યાન ફાઉન્ડેશન | ૧,૨૦,૦૦૦ |
| ૦૫-૧૧-૨૦૧૯ | શ્રી પદ્મમણી ભક્તિ પૂર્ણિમા ફાઉન્ડેશન | ૧૫,૦૦૦ |
| ૧૩-૧૧-૨૦૧૯ | ધ્યાન ફાઉન્ડેશન | ૩,૨૦,૦૦૦ |
| ૦૯-૧૨-૨૦૧૯ | ધ્યાન ફાઉન્ડેશન | ૨,૫૦,૦૦૦ |
| ૦૯-૧૨-૨૦૧૯ | આશા ફાઉન્ડેશન | ૫૦,૦૦૦ |
| ૩૦-૧૨-૨૦૧૯ | વિશ્વ પ્રાણી કલ્યાણ મંડળ | ૩૦,૦૦૦ |
| ૦૧-૦૧-૨૦૨૦ | સંત દગાજી મહારાજ બહુદેશીવ સંસ્થા સંચાલિત | ૨૦,૦૦૦ |
| ૦૮-૦૧-૨૦૨૦ | ગો વિજ્ઞાન અનુસંધાન કેન્દ્ર | ૧,૦૦,૦૦૦ |


## કુલ રકમ રૂપિયા ૨,૬૮,૫૩.૧૪૮


# અમારા પ્રકાશનો













૧) શકસ્ત
૨) તીર્થયાત્રા
૩) સંસ્કૃતિ રક્ષા
૪) સંઘોને માર્ગદર્શન
૫) ગ્રામ વિકાસ સંકલન
૬) બેંકો કા માયાજાલ
૭) જયણાપોથી
૮) પંચ પ્રતિક્રમણ

# વૈયાવચ્ચના ઉપકરણો

સાપડો



ઠવણી



મુહપતી (ખાદી)



આશન



સાપડો



સાપડો



સાપડો





























શ્રી જૈન સંઘ અંતર્ગત

આર્ય-સંસ્કૃતિના પવિત્ર મૂલ્યોની રક્ષા કાજે

# શ્રી વર્ધમાન પરિવાર

જય પામો જય પામો મારા પ્રભુનું શાસન જય પામો

|| નમો નમઃ શ્રી જિન શાસનાય ||

પ્રભાવતીબેન છગનલાલ સરકાર સંસ્કૃતિ ભવન

**ઓપેરા હાઉસ :** પ્રભાવતીબેન છગનલાલ સરકાર ભવન, ૬, ધન મેન્શન, અવંતિકાબાઈ ગોખલે સ્ટ્રીટ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. **ફોન નં. :** ૦૨૨ - ૨૩૮૮ ૭૬૩૭ / ૨૩૮૯ ૫૮૫૭

---

**માલેગાંવ :** વર્ધમાન નગર, શ્રી સ્વામિ સમર્થ કેન્દ્રની બાજુમાં, માલેગાંવ, જિલ્લો : નાશિક, મહારાષ્ટ્ર. પીનકોડઃ ૪૨૩૨૦૩. **ફોન નં. :** ૦૨૫૫૪ - ૨૫૨૧૬૨

**કેસરીચંદભાઈ મહેતા :** મોબાઈલ : ૦૮૦૦૭૧૬૨૧૬૨

---

**બોરીવલી કેન્દ્ર :** ૧૦૧, સુંદર ધામ કૉ-ઑપ. હાઉસિંગ સોસાયટી, જામલી ગલી, બોરીવલી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૯૨. **ફોન નં. :** ૦૨૨ - ૨૮૯૯ ૬૨૫૪

**જિતુભાઈ દલીચંદ શાહ :** મોબાઈલ : ૯૩૨૨૨૩૨૫૬૮

---

**કાંદિવલી :** બી-૪૦૩, મહાલક્ષ્મી સેન્ટર, બાલભારતી સ્કૂલની સામે, એસ. વી. રોડ, કાંદિવલી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૬૭. **ફોન નં. :** ૦૨૨ - ૨૮૦૮૨૪૧૪

**અતુલકુમાર વ્રજલાલ શાહ :** મોબાઈલ : ૯૩૨૪૪૭૦૦૫૪

---

**મલાડ :** ૧, ક્રિષ્ના નિવાસ, સાંઈનાથ રોડ, મલાડ (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૬૪.

**ફોન નં. :** ૦૨૨ - ૨૮૮૧૧૧૭૩

**પ્રકાશભાઈ બાવચંદ શાહ :** મોબાઈલ : ૯૮૨૫૧૫૮૧૩૮

**ચંદ્રકાંતભાઈ એચ. શાહ :** મોબાઈલ : ૯૩૨૧૮૭૯૩૪૩

---

**ઘાટકોપર :** ૧૯૧/૭, મહાત્મા ગાંધી ચાલ, અંબિકા ભવનની પાછળ, સ્વામિનારાયણ મંદિરની સામે, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (પૂર્વ), **ફોન નં. :** ૦૨૨ - ૨૧૦૨૪૧૨૬

**હિરેનભાઈ દિનેશભાઈ શાહ :** ૯૩૨૪૦૩૨૫૫૦

---

**કચ્છ - ચિયાસર :** ગામ ચિયાસર, અબડાસા તાલુકો, કચ્છ.

**દેવચંદભાઈ ડી. ગડા :** ૯૪૦૮૩૯૭૫૫૩

---

**કચ્છ-ભુજ :** વિશ્વ મંગલ ગૌ-ગ્રામ પુનરૂત્થાન સંઘ ભુજ, બી-૪૦, શેરી નં. ૧, ભાનુશાલી નગર, ભુજ, કચ્છ.

**મનોજભાઈ સોલંકી :** મોબાઈલ : ૯૮૨૫૪૨૮૧૦૦

**અમૃતભાઈ પટેલ :** મોબાઈલ : ૯૪૦૮૫૩૬૦૩૫


E-mail : vardhmanparivar@yahoo.com, vardhmanparivarborivali@gmail.com

Website : shreevardhmanparivar.com

Follo Us on f shreevardhmanparivar, Link : Plunder of India